શિક્ષણનું ગુણવત્તાલક્ષી સર્વવ્યાપીકરણ એ જ આપણો સંકલ્પ


સંવાહક : શ્રી એલ. વી. મછાર
તંત્રી : ડૉ. એ. વી. પટેલ
સહતંત્રી : શ્રી એસ. એચ. પટેલ
શ્રી આર. કે. પટેલ


Vibrant Gujarat

Nirmal Gujarat Year - 2007


અંક ૬


# મૈત્રી




જાન્યુઆરી ૨૦૦૮


## Happy New Year

તુમ્હી હો માતા, પિતા તુમ્હી હો
તુમ્હી હો બંધુ, સખા તુમ્હી હો
તુમ્હી હો સાથી, તુમ્હી સહારે,
તુમ્હી હો...
કોઈના અપના, સિવા તુમ્હારે,
તુમ્હી હો નૈયા, તુમ્હી ખવૈયા,
તુમ્હી હો બંધુ, સખા તુમ્હી હો
તુમ્હી હો...
જો ખીલ શકે ના વો ફુલ હમહૈ,
તુમ્હારે ચરણો કી ધુલ હમહૈ,
દયા કી દ્રષ્ટિ સદા હી રખના,
તુમ્હી હો બંધુ, સખા તુમ્હી હો,
તુમ્હી હો...




મેરા ભારત મહાન




## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સંતરામપુર જિ. પંચમહાલ

પ્રાથમિક શિક્ષણનું નવલું નજરાણું



વર્ષ : ૧
અંક : ૭

# મૈત્રી

## સામયિક

જાન્યુઆરી-
૨૦૦૯



**સંપાદન**

તંત્રી શ્રી : મૈત્રી / જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર જી. પંચમહાલ

**સંપાદક મંડળ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરનો પરિવાર

**લેખકોને :........**

- શિક્ષકોને પ્રેરણાદાયી બને તેવા મૌલિક, સરળ ભાષામાં લખાયેલા અનુભવજન્ય, તલસ્પર્શી, અભ્યાસપૂર્ણ ટૂંકા, લેખો આવકાર્ય છે.
- લેખો હસ્તાક્ષરમાં સફેદ કાગળ ઉપર એક જ બાજુએ જોડણીની ભૂલો વગરના હોય તે ઈચ્છનીય છે.
- લેખ પાછા મોકલવામાં આવતા નથી.
- લેખ, પત્રવ્યવહાર અને સમાચાર મોકલવાનું સરનામું સિ. લે. ડૉ. એ. વી. પટેલ જિ.શિ. અને તા. ભવન સંતરામપુર, જિ. પંચમહાલ

- ❋ दुःख में से सुख पाने के लिए भूलना सीखें ।
- ❋ विषाद के विष को विनोद के अमृत में बदलें ।
- ❋ चिन्ता को निश्चितता में बदलने के लिए निःशेषम् अर्थात् **No Pending** के आधार पर कार्य करे ।
- ❋ आकांक्षा की जगह आवश्यकता के आधार पर जीवन जिए । ❋ दूसरों से ज्यादा अपेक्षाएं न रखें ।
- ❋ अतीत की स्मृति ज्यादा न करें, भविष्य की झूठी कल्पना न करें । बस वर्तमान में जीने का अभ्यास करें ।
- ❋ शरीर से स्वस्थ, मन से मस्त, भावों से आश्वस्त एवं आत्मा से आत्मस्थ रहे ।
- ❋ जीवनशैली संतुलित स्वस्थ्य एव श्रम प्रधान हो ।
- ❋ व्यस्त रहना बुरा नहीं किन्तु अस्तव्यस्त रहना खतरनाक है ।

**સાંકળિયું**


૧. પ્રસ્તાવના - શ્રી એલ. વી. મછાર ૧
૨. સંપાદકીય - ડૉ. એ. વી. પટેલ ૨
૩. "ગાંધીવ્રતો" - નિરવ જ. વસાવાડા ૩
૪. માનગઢ હિલ - શ્રી પારગી અર્જુન કે. ૬
૫. ગણિત શિક્ષણ - શ્રી આર. કે. પટેલ ૮
૬. પ્રાથમિક શિક્ષણક્ષેત્રે - ડૉ. એ. વી. પટેલ ૧૦
૭. વસંતમાં વનમાં - વિનુ સોલંકી 'ધુમ્મસ' ૧૧
૮. સારા અક્ષર કોને - ડૉ. એ. વી. પટેલ ૧૩
૯. આપણા બાળકો - ડૉ. એ.વી. પટેલ ૧૪
૧૦. લાલચનું ધન - ડામોર જસવંત એમ. ૧૬
૧૧. વિજ્ઞાન પેટી વિનાનું - શ્રી આર. કે. પટેલ ૧૭
૧૨. વંદન કરીએ.... - હેમુભાઈ કે. તાવિયાડ ૨૦
૧૨. આજના શિક્ષણનું ધ્યેય - વિજય આર. માછી ૨૧
૧૩. "મારે થવું છે આઝાદી - પંડ્યા સચિન બી. ૨૩

# પ્રસ્તાવના

સુજ્ઞ સારસ્વતમિત્રો

આપણી શાળાઓ અત્યારે પ્રવૃત્તિઓથી ધમધમી રહી છે. શાળામાં અને વર્ગમાં હરિયાળી છવાઈ છે. જ્ઞાનવર્ધક જૂથસભાઓ દ્વારા આપમાં એક નવો જોમ અને જુસ્સો ભરવામાં આવ્યો છે તો સાથે સાથે નવ નિયુક્ત વિદ્યાસહાયકો ને પણ તાલીમ આપી સજ્જ કર્યા છે. વર્ગખંડમાં બાળકો છે. T.L.M. છે. શિક્ષક પોતે છે પછી ગુણવત્તાનું સર્વવ્યાપીકરણ કરવા બીજુ શું જોઈએ ? સતત અધ્યયનશીલ બનીયે, અધ્યયનકાર્ય કરીયે અને સાથે સાથે સતત સર્વાંગી મૂલ્યાંકન કરીયે. એની એજ ઢબે પુનઃ શિક્ષણકાર્ય ન કરતાં ડોક્ટરની જેમ દવા અને પદ્ધતિ બદલીયે, નિદાનાત્મક અને ઉપચારાત્મક કાર્ય કરીયે

આપણે કલાસ એજ્યુકેશન નહીં પણ માસ એજ્યુકેશન કરવું છે. સાગરમાં મોતી તો ઘણાં હોય છે પણ જેને સુઝ હોય તેને જ તે સાંપડે છે. આપણા વર્ગખંડનાં મોતીને ઓળખી લઈએ.

સ્વયંનો નહિ સમષ્ટિનો કદી વિચાર કર, રહ્યાં જે વેગળાં એનો કદી સહચાર કર, સદા પામી રહ્યાં છે ધૂત્કાર આજ સુધી, ચમનનાં એ ફૂલોનો તું કદી સત્કાર કર.

**એલ.વી.મછાર**
**પ્રાચાર્ય**
**ડાયટ, સંતરામપુર**

# સંપાદકીય

સહપંથી મિત્રો

સદભાગ્ય અમારૂ કે શબ્દો મળ્યા અમને તમારે નગર જવા, ચરણ માંડી ચાલવા લાગુ તો લાગે વરસોના વરસ, પણ અમારે તો અહીં રસમને રિવાજ અનોખા, અમારે મન તો શબ્દો એજ કંકુ અને ચોખા.

શબ્દોના માધ્યમથી આપ લગી અમારી ભાવનાઓ અને લાગણીઓ વ્યક્ત કરીયે છીએ. શિયાળાની ગુલાબી ઠંડીમાં શાળા બાગ અને વર્ગખંડનાં કુસુમો પૂરબહાર ખીલી રહ્યાં હશે. આપણે વર્ગ સ્વર્ગ બને તે માટે આપ સતત પ્રવૃત્ત હશો જ. પરંતુ ઘણીવાર બાળકો વિષે કે તેઓના અધ્યયનકાર્ય અંગે આપણા મનમાં કેટલીક સાચી-ખોટી માન્યતાઓ પણ પ્રવર્તતી હોય છે આ માન્યતાઓ વિષે જ્યાં સુધી સ્પષ્ટીકરણ ન થાય ત્યાં સુધી દોરડુ પણ સાપ જ ભાસે છે આ માટે આપણે ડો. મોહનભાઈ પંચાલનું ''સાહેબ મને સાંભળો તો ખરા'' પુસ્તક વાંચવું જરૂરી છે. આપણે LAS તરફથી HAS તરફ જવાનું છે. Low Achivement School, High Achivement School) અને તે માટે જરૂર છે વર્ક એથીકની. કોઈ પણ કાર્ય કરીયે તે જીતો અને જીતોની ભાવનાથી જ કરીયે અને કદાચ નિષ્ફળતા પણ મળે પણ નાસીપાસ ન થઈએ કારણકે ઝૂડાની છેલ્લી ચાવી પણ કોઈવાર તાળુ ખોલી નાખે છે. 'થોમ્સકુલર' જણાવે છે કે કઠિનમાં કઠિન કામ પણ મનથી દિલ રેડીને કરવામાં આવે તો તે સરળ બની જાય છે. હું માનવ ઘડતર કરું છું તેવી શ્રદ્ધા સાથે આપણે કામ કરીયે અને મિત્રો કામ કરનારો કદર કરનારાની રાહ જોતો નથી તેને મન તો કર્મ એજ ધર્મ હોય છે.

આ અંકમાં વિદ્યાર્થીઓના મરોડદાર અને સુંદર અક્ષરો કઈ રીતે કરી શકાય તેનું માર્ગદર્શન આપેલ છે સાથે સાથે ગણિત, વિજ્ઞાન, અને ભાષાવિકાસ કઈ રીતે સરળતાથી હાંસલ કરી શકાય તેની પણ વાત મૂકી છે જે આપને ગમશે જ. ગાંધીવ્રતોનું પાલન કરતાં કરતાં વનમાં, જનમાં અને વર્ગખંડમાં વસંતને પૂરબહાર ખીલવીયે અને સદાય ખીલતી જ રહે તે માટે સતત ઈંધણ સિંચતા રહીયે.

**ડો. એ. વી.પટેલ**
**''તંત્રી''**
**''મૈત્રી'' ડાયટ સંતરામપુર**

# ''ગાંધીવ્રતો''

નિરવ જ. વસાવાડા
અધ્યાપક,
સી.પી.એડ. કૉલેજ,
વાંટા વછોડા, શહેરા

''સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણ જોતું નવ સંઘરવું. બ્રહ્મચર્ય ને જાતે મહેનત, કોઈ અડે ન અભડાવું અભય, અપરિગ્રહ, સ્વાદ ત્યાગ ને સર્વધર્મ સરખા ગણવાં, આ અગિયાર મહાવ્રત સમજી દઢપણે આચરવા.''

યરવડા જેલનું ગાંધીજીએ 'યરવડા મંદિર' નામ પાડ્યું. ત્યાં એમને બહારનાં કેટલાંક છાપાં તો વાંચવા મળતાં, અને આશ્રમમાંથી સંખ્યાબંધ કાગળો પણ આવતાં, છતા એ નિવૃત્તિનો સમય એમણે સુત્રયતમાં, રેંટિયાની ભક્તિમાં અને ગીતાનાં મનન માંજ ગાળ્યો છે. એમ કહીએ તો ચાલે. એ અરસામાં સાબરમતી આશ્રમનાં જીવનમાં વધુ ચેતન રેડવાની આવશ્યકતા છે. એવી માગણી એક બે ભાઈઓ તરફથી થવાથી એમણે આશ્રમવાસીઓ પર સાપ્તાહિક પત્રો લખવાનું શરૂ કર્યું. અને આશ્રમવ્રતો પર વધારે પ્રકાશ પાડવાનું શરૂ કર્યું.

આપણાં રાષ્ટ્રીય જીવનમાં જ્યારે નિરાશાની ઘોર નિરાશાનું સામ્રાજ્ય ફેલાયું હતું તે સમયે જે વ્રતોએ રાષ્ટ્રીય જીવનમાં આશા, આત્મવિશ્વાસ, સ્ફુર્તિ અને ધાર્મિકતાનું વાતાવરણ ઉત્પન્ન કર્યું તે વ્રતોએ જ આખરે એક નવી સંસ્કૃતિનું મંગળપ્રભાત શરૂ કર્યું.

આ વ્રતો પર ચિંતન કરીએ તો ઘણાં બધાં લેખો લખાઈ શકે છે. પરંતુ જેને ગુજરાતીમાં ટુંકસાર કહેવામાં આવે છે તેવી જ રીતે આ અગિયાર મહાવ્રતોનો ટુંકોસાર અહીં પ્રસ્તુત કરવામાં આવેલ છે. જે વ્રતવિચારના અભ્યાસીને ઉપયોગી થશે.

**સત્ય**

''સત્ય શબ્દ સત્‌માંથી છે. સત્‌ એટલે હોવું સત્ય તે હોવાપણું સત્ય સિવાય બીજી કોઈ વસ્તુને હસ્તી જ નથી. પરમેશ્વરનું ખરું નામ જ 'સત્‌' એટલે 'સત્ય' છે. તેથી પરમેશ્વર 'સત્ય' છે. એમ કહેવા કરતા 'સત્ય' એજ પરમેશ્વર છે. એમ કહેવું વધારે યોગ્ય છે.

સામાન્ય વ્યવહારમાં અસત્ય ન બોલવું કે ન આચરવું એટલો જ સત્યનો અર્થ નથી. પણ સત્ય એજ પરમેશ્વર છે ને તે સિવાય બીજું કશુ નથી. એ સત્યની શોધ અને પુજા અંગે જ બીજા બધાં નિયમોની આવશ્યકતા રહે છે. અને તેમાંથી જ તેમની ઉત્પત્તિ છે. આ સત્યનાં ઉપાસક પોતે કલ્પેલા દેશહિતને સારૂં પણ અસત્ય નહિ બોલે, નહીં આચરે. સત્યને અર્થ તે પ્રહ્‌લાદની જેમ માતા-પિતા વડીલોની આજ્ઞાનો પણ વિનયપૂર્વક ભંગ કરવામાં ધર્મ સમજે.

**અહિંસા**

પ્રાણીઓનો વધ ન કરવો એટલું જ આ વ્રતનાં પાલનને સારૂં બસ નથી. અહિંસા એટલે સૂક્ષ્મ જંતુઓથી માંડીને મનુષ્ય સુધી બધાં જીવો પ્રત્યે સમભાવ. એ વ્રતોનો પાલક ઘોર અન્યાય કરનાર પ્રત્યે પણ ક્રોધ ન કરે, પણ તેનાં ઉપર પ્રેમભાવ રાખે, તેનું હિત ઈચ્છે ને કરે, પણ પ્રેમ કરે તે છતાં અન્યાયીનાં અન્યાયને વશ ન થાય, અન્યાયનો વિરોધ ને તેમ કરતાં તે જે કષ્ટ આપે તે ધીરજપૂર્વક અન્યાયીનો દ્વેષ કર્યા વિના સહન કરે. અહિંસા અને સત્ય બન્ને ઓતપ્રોત છે.

**બ્રહ્મચર્ય**

બ્રહ્મચર્યનાં પાલન વિના ઉપરનાં વ્રતોનું પાલન અશક્ય છે. બ્રહ્મચારો કોઈ સ્ત્રી કે પુરુષ ઉપર કુદૃષ્ટિ ન કરે એટલું બસ નથી. પણ મનથીયે વિષયોનું ચિંતન કે સેવન નહિં કરે અને વિવાહિત હોય તો પોતાની સ્ત્રી કે પોતાનાં પતિની સાથે પણ વિષયભોગ નહિ કરે પણ તેને મિત્ર સમજી તેની સાથે નિર્મળ સંબંધ બાંધશે. પોતાની કે બીજી સ્ત્રીનો કે પોતાનાં પતિનો કે બીજા પુરુષનો વિકારમય સ્પર્શ અથવા તેની સાથે વિકારમય ભાષા કે બીજી વિકારમય ચેષ્ટા તે પણ સ્થૂળ બ્રહ્મચર્યનો ભંગ છે.

બ્રહ્મચર્યનો મૂળ અર્થ : બ્રહ્મચર્ય એટલે બ્રહ્મની - સત્યની - શોધમાં ચર્યા એટલે તેને લગતો આચાર. આ મૂળ અર્થમાંથી સર્વેન્દ્રિયસંયમ એ વિશેષ અર્થ નીકળે છે. માત્ર જનનેન્દ્રિયસંયમ એવો અધૂરો અર્થ તો ભૂલી જ જઈએ.

**અસ્વાદ**

અસ્વાદ એટલે સ્વાદન લેવો. સ્વાદ એટલે રસ. જેમ ઔષધિ ખાતાં આપણે તે સ્વાદીલી છે કે કેવી તેનો વિચાર ન કરતાં શરીરને તેની જરૂર છે એમ સમજી તેની માત્રામાં જ ખાઈએ છીએ, તેમ જ અન્નનું સમજવું અન્ન એટલે ખાદ્ય પદાર્થ માત્ર. તેથી દૂધ-ફળનો પણ અહીં સમાવેશ છે. જેમ ઔષધ ઓછા માત્રામાં લેવાથી ફાયદો કરતું નથી અને વધારે માત્રામાં લેવાથી નુકશાન કરે છે, તેવું જ અન્નનું છે.

મનુષ્ય જ્યાં લગી જીભમાં રસોને જીતે નહિ ત્યાં લગી બ્રહ્મચર્યનું પાલન અતિ કઠિન છે એવો અનુભવ હોવાથી અસ્વાદને નોખું વ્રત ગણવામાં આવ્યું છે. ભોજન કેવળ શરીરયાત્રાને જ અર્થ હોય : ભોગને અર્થ નહિ. તેથી તે ઔષધિ સમજી સંયમપૂર્વક લેવાની જરૂર છે. આ વ્રતનું પાલન કરનાર વિકાર ઉત્પન્ન કરે એવા મસાલા વગેરેનો ત્યાગ કરે. માંસાહાર, મદ્યપાન, તમાકુ, ભાંગ ઈત્યાદિનો આશ્રમ જીવનમાં નિષેધ છે. સ્વાદને અર્થે ઉજાણીનો કે ભોજનના આગ્રહનો નિષેધ છે.

**અસ્તેય**

અસ્તેય એટલે ચોરી ન કરવી. ચોરો કરે તે સત્ય જાણો કે પ્રેમધર્મ પાળે એમ કોઈ નહિ કહે. છતાં ચોરીનો દોષ આપણે સહુ થોડેઘણે અંશે જાણ્યે અજાણ્યે કરીએ છીએ. પારકાનું તેની રજા વિના લેવું એતો ચોરી જ છે. પણ પોતાનું ગણાતું પણ માણસ ચોર છે. આટલે સુધી તો સમજવું પ્રમાણમાં સહેલું છે. પણ અસ્તેય આથી બહું આગળ જાય છે. કોઈ વસ્તુ લેવાની આપણને આવશ્યકતા નથી, છતાં તે જેના કબજામાં હોય તેની પાસેથી તેની ભલે રજા મેળવીને પણ, લેવીએ ચોરી છે.

બીજાની વસ્તુ તેની રજા વિના ન લેવી એટલું જ આ વ્રતનાં પાલનને સારૂ બસ નથી. જે વસ્તુ જે ઉપયોગને સારું આપણ ને મળી હોય તેનાથી તેનો બીજો ઉપયોગ કરવો કે જે મુદત સુધી ઉપયોગ કરવો તે પણ ચોરી છે. આ વ્રતના મૂળમાં સુક્ષ્મ સત્ય તો એ રહ્યું છે કે પરમાત્મા પ્રાણીઓને સારું નિત્યની આવશ્યક વસ્તુ જ નિત્ય ઉત્પન્ન કરે છે અને આપે છે. તેનાથી વધારે મુદ્દલ ઉત્પન્ન કરતો નથી. તેથી પોતાની ઓછામાં ઓછી આવશ્યકતા ઉપરાંત જે કોઈ પણ મનુષ્ય લે છે તે ચોરી કરે છે.

**અપરિગ્રહ**

અપરિગ્રહ અસ્તેયને લગતું ગણાય. જે મૂળમાં ચોરેલું નથી તે અનાવશ્યક એકઠું કરવાથી ચોરીનાં માલ જેવું થઈ જાય છે. પરિગ્રહ એટલે સંચય અથવા એકઠું કરવું. સત્યશોધક અહિંસક પરિગ્રહ ન કરી શકે પરમાત્મા પરિગ્રહ કરતો નથી. તેને 'જોઈતી' વસ્તુ તે રોજની રોજ પેદા કરે છે. એટલે જો આપણે તેની ઉપર વિશ્વાસ રાખીએ તો સમજીએ કે આપણને જોઈતી વસ્તુ તે રોજની રોજ આપે છે, આપશે. ઓલિયાઓનો, ભક્તોનો આ અનુભવ છે. રોજના પરંતુ રોજ પેદા કરવાનાં ઈશ્વરી નિયમને આપણે જાણતાં નથી, અથવા જાણવા છતાં પાળતા નથી. તેથી, જગતમાં વિષમતાને તેથી થતાં દુઃખો અનુભવીએ છીએ.

અપરિગ્રહ અસ્તેયના પેટમાં જ રહેલું છે. અનાવશ્યક વસ્તુ જેમ લેવાય નહિ તેમ તેનો સંગ્રહ પણ ન થાય તેથી જે ખોરાક કે રાચરચીલાની જરૂર નથી તેનો સંગ્રહ એ આ વ્રતનો ભંગ છે. અપરિગ્રહીએ પોતાનું જીવન નિત્ય સાદાઈ તરફ લઈ જવાનું હોય છે.

**જાત મહેનત**

અસ્તેય અને અપરિગ્રહનાં પાલનને સારૂ જાત મહેનતનો નિયમ આવશ્યક છે. વળી મનુષ્યમાત્ર શરીરનિર્વાહ શારીરિક મહેનતથી કરે તો જ તે સમાજના અને પોતાના દ્રોહમાંથી બચી શકે. જેનું અંગ ચાલી શકે છે ને જેને આપી છે તેવા સ્ત્રી પુરુષે પોતાનું બધું

નિત્યકામ જે પોતે આટોપવા યોગ્ય હોય તે આટોપી લેવું જોઈએ. અને બીજાની સેવા વિનાકારણ ન લેવી જોઈએ. પણ બાળકોની, બીજા અપંગ લોકોની અને વૃદ્ધ સ્ત્રીપુરુષોની સેવા પ્રાપ્ત થાય ત્યારે તે કરવાનો સામાજિક જવાબદારી સમજનાર પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે.

આ આદર્શને અવલંબીને આશ્રમમાં મજુરો અનિવાર્ય હોય ત્યાં જ રાખવામાં આવે છે ને તેમની સાથે શેઠચાકર વ્યવહાર નથી રાખવામાં આવતો.

**સ્વદેશી**

ખાદીએ સામાજિક સ્વદેશીનું પ્રથમ પગથિયું છે. એ સ્વદેશી ધર્મની પરિસીમા નથી.

ઉદાહરણ તરીકે એવાં ખાદીધારી જોયા છે. જેઓ બીજું બધું પરદેશી વસાવી રહ્યો છે. તેઓ સ્વદેશીનું પાલન નથી કરતાં. તેઓ ચાલતા પ્રવાહમાં તણાઈ રહ્યા છે. સ્વદેશી વસ્તુ પ્રથમ મોંઘી અને ઉતરતી ભલે ન હોય. તેને સુધારવાનો પ્રયત્ન વ્રતધારો કરશે. કાયર થઈને સ્વદેશી ખરાબ છે તેથી પરદેશી વાપરવા નહિ મંડી જાય.

સ્વદેશી ધર્મ આચરવાથી પ્રથમ તો બીજા દેશ પર આશ્રિત હોવાનું ટળી જાય છે. અને કદાચ પોતાના દેશની બનાવેલ વસ્તુ વાપરવામાં કોઈ પણ ભારતીયને અભિમાન તો હોવાનું જ આમ સ્વદેશી ધર્મ પાળનાર પરદેશીનો કદી ધ્વેષ કરશે જ નહિ, સ્વદેશી એ પ્રેમમાંથી - અહિંસામાંથી - ઉત્પન્ન થયેલ સુંદર ધર્મ છે.

**અભય**

અભય વિના સત્યની શોધ થાય ? આ સવાલના જવાબમાં ઘણાં બધાં અભિપ્રાયો મળશે પણ એ વિવાદમાં ઉતરવાની જરૂર નથી અભય વિના અહિંસાનું પાલન કેમ થાય ?

"હરિનો મારગ છે શુરાનો
નહિ કાયરનું કામ જોને."

સત્ય એજ હરી, એજ રામ, એજ નારાયણ, એજ વાસુદેવ કાયર એટલે ભયભીત બીકણો, શુરો એટલે ભયમુક્ત, તલવાર વગેરેથી કસેલો નહિં તલવાર શુરની સંજ્ઞા નથી, બીકની નિશાની છે.

સત્ય, અહિંસા ઈત્યાદિ વ્રતોનું પાલન નિર્ભયતા વિના અસંભવિત છે. અને હાલ સર્વત્ર ભય વ્યાપી રહ્યો છે. ત્યાં નિર્ભયતાનું ચિંતન અને તેની કેળવણી અત્યંત આવશ્યક હોવાથી તેને વ્રતોમાં સ્થાન અપાયું છે. જે સત્યપારાયણ રહેવા માંગે તે ન નાતજાતથી ડરે, ન સરકારથી ડરે, ન ચોરથી ડરે, ન ગરીબાઈથી ડરે, ન મોતથી ડરે.

**અસ્પૃશ્યતા નિવારણ (સવધર્મ સમભાવ)**

હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતાની રૂઢિએ જડ ઘાલી છે. તેમાં ધર્મ નથી પણ અધર્મ છે. એવી માન્યતા હોવાને લીધે અસ્પૃશ્યતા નિવારણને નિયમમાં સ્થાન આપ્યું છે. આશ્રમ જાતિભેદ ને માનતું નથી તેવી જ રીતે આજનો સમાજ પણ થોડેઘણે અંશે આવો મતભેદ ભુલવા તૈયાર થયો છે.

તેથી જ આશ્રમ વ્યવસ્થાને શ્રેષ્ઠ ગણવામાં આવેલ છે. ઈશ્વરે આપેલ અનમોલ ભેટ સમાન મનુષ્ય જન્મને આપણે અસ્પૃશ્ય ગણી ધુત્કારનાર કોણ ? અને જ્યારે આ વિચાર દરેક મનુષ્યનાં મન વિચારમાં રમતો થશે ત્યારે અનાયાસ જ સર્વધર્મ સમાન થઈ જશે. આવા વિચારના લીધે મહાવ્રતોમાં વર્ગભેદનો વિરોધ એવો ધર્મ સર્વધર્મ સમભાવને સમાવવામાં આવેલ છે.

અસ્પૃશ્યતા નિવારણથી માનવ-માનવ વચ્ચેનાં મતભેદો દૂર થશે અને પ્રેમભાવ વધશે તેથી જ એવું કહેવાય છે કે અસ્પૃશ્યતા નિવારણ જેવા સત્કાર્યો માનવ હૃદયમાં બંધાયેલ કિર્તી મંદિરો સમાન છે.

**સહિષ્ણુંતા**

જગતમાં પ્રચલિત પ્રખ્યાત ધર્મો સત્યને વ્યક્ત કરનાર છે. પણ તે બધા અપૂર્ણ મનુષ્ય દ્વારા વ્યક્ત થયેલાં હોય બધામાં અપૂર્ણતાનું અથવા અસત્યનું મિશ્રણ થયું છે તેથી જેવું આપણને આપણા ધર્મ વિશે માન હોય તેટલું જ માન આપણે બીજાનાં ધર્મ પ્રત્યે રાખવું ઘટે. આવી સહિષ્ણુતા હોય ત્યાં એક બીજાનાં ધર્મોનો વિરોધ નથી સંભવતો. પરધર્મીને પોતાનાં ધર્મમાં રહેલા દોષો દૂર થાય એવી જ પ્રાર્થના અને એવી જ ભાવના નિત્ય કરવી રહી.

# માનગઢ હિલ

શ્રી પારગી અર્જુન કે.
સી.આર.સી. ઉખરેલી
તા. સંતરામપુર

"કોણ કહે છે કે ભગત આંદોલને સ્વાતંત્ર્યતા સંગ્રામમાં યોગદાન નથી આપ્યું. માનગઢને ઢંઢોળીને દેખો તો યોગદાન નહીં પરંતુ બલિદાન પણ આપ્યું છે."

માનગઢનું ભગત આંદોલન અતાર્કિક કે પૌરાણિક કથા નથી પરંતુ સત્ય હકીકત છે. ઈતિહાસના પાનામાં યોગ્ય સ્થાન ન મળતાં "સ્વામી ગોવિંદગુરુ : જીવન અને કાર્યની" સાતે આદિવાસીઓના ધર્મ, કર્મ અને આસ્થાની સાથે સંકળાયેલ ગોવિંદગુરુની માનગઢ ધુણી ખાતેનો નરસંહાર કાળની ગર્તામાં વિલીન થઈ ગયેલ છે. સ્વામી ગોવિંદગુરુએ સ્વાતંત્ર્યતા સંગ્રામમાં મહત્વપૂર્ણ યોગદાન આપેલ છે. જે "સંપસભા"ના માધ્યમથી ભગત આંદોલને "દશનામી ભક્તિ"નો ભેખ ધારણ કરી ઈ.સ. ૧૯૦૫ની સાલમાં સૌથી પહેલ વહેલી સંપસભા ગોવિંદગુરુએ માનગઢ હિલ ખાતે ભરી વિદેશી માલનો બહિષ્કાર કરી સ્વદેશી વસ્તુઓ વાપરવા માટે આહ્‌વાન કરી સ્વાતંત્ર્યતા પ્રાપ્તિના શ્રી ગણેશ કર્યા હતા.

**ગોવિંદગુરુનું જીવન ઝરમર :**

ગોવિંદગુરુનો જન્મ તા. ૨૦-૧૨-૧૮૫૮નાં રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના વેડસા ગામે થયો હતો તેમના પિતાનું નામ બેચરગિરી અને માતાનું નામ લાડકીબેન (કુશાલીબેન) હતું તેમના બાપ-દાદાનો મુખ્ય ધંધો પોઠો મારફતે માલ-સામાનની હેરાફેરી સહિત લે-વેચનો મુખ્ય ધંધો હતો પરંતુ શિવમંદિરના પુજારીની પ્રેરણાંથી તેઓનું બાળપણ ભક્તિના રંગે રંગાયેલ હતું. ગામના નાના છોકરાંઓને ભેગા કરી ભક્તિની વાતો કરવામાં સમય પસાર કરતાં હતાં. જેથી તેમના માત-પિતાને શંકા થઈ કે ભવિષ્યમાં આ છોકરો બાવો તો ન થઈ જાય ને ? એમ બિકના માર્યા તેમનું લગ્ન વિધવા વણઝારણ સાથે કરી દેવામાં આવ્યું હતું. પરંતુ ગોવિંદગુરુનું મન સંસારમાં સ્હેજે લાગતું ન હતું તેઓ ૧૮૮૦-૮૧માં ઉદેપુર ખાતે પોતાની પત્નિને લઈને સ્વામી દયાનંદ સરસ્વતી પાસે આવી બે વર્ષ સુધી આધ્યાત્મિક શિક્ષણ મેળવી ગુરુનો ઉપદેશ શીર પર ચઢાવી આદિવાસીઓને સામાજિક, ધાર્મિક તથા શિક્ષણ ક્ષેત્રે સુધારણાં કરવાનું કામ ઉપાડી તેઓ પત્નિ સાથે પોતાના ગામમાં પરત આવ્યા હતાં.



*માનગઢ હિલ ખાતે સ્વામી ગોવિંદગુરુ અને તેમની ધુણીની ઝલક નજરે પડે છે. તસ્વીર અર્જુન કે. પારગી*

**સંપ સભા :**

ગોવિંદગુરુએ પોતાના ગામમાં આવી લોકોને ઉપદેશ આપવાનું શરૂ કર્યુ અને ગળામાં રુદ્રાક્ષની માળા ધારણ કરાવી તેમજ ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ધુણીઓની સ્થાપના કરાવી ભગવા વસ્ત્ર સહિત માથે કેશરીયા સાફા બંધાવી લોકોને અંધશ્રદ્ધા, વહેમ, કુરીવાજો, માંસ-મદીરા બંધ કરાવી ગામેગામ પ્રાથમિક શાળાઓ શરૂ કરવા માટે આહ્‌વાન કરતાં રાજ રજવાડા સહિત બ્રિટીશરો ચમકી ગયા હતાં કારણ કે આદિવાસીઓએ દારૂ પીવાનું બંધ કરતાં રાજ દરબારની આવક ઘટવા લાગી હતી જેથી ગોવિંદગુરુ આંખના કણોની જેમ ખટવા લાગ્યા હતાં, પરંતુ ગોવિંદગુરુએ સુધારણાં માટે જે બીડુ ઝડપ્યું હતું તે વેગવાન બનતાં પાટવી શિષ્ય પારગી પુંજાભાઈ ધીરાભાઈની વિનવણીથી ગોવિંદગુરુ માનગઢ પહાડ ઉપર ૧૯૦૫ની સાલમાં સંપસભાનું આયોજન કરતાં દોઢ લાખ જેટલા માણસો ભેગા થયા હતાં અને સામાજિક સુધારણાં માટે



*ક્ષમા અસમર્થ માનવીઓનું લક્ષણ અને સમર્થોનું આભૂષણ છે.*

નવજાગૃતિનો શંખ ફુંક્યો હતો કહેવાય છે. કે ગોવિંદગુરુ"ચાલ ભક્તિ" કહેતા નુગરા માણસો ફફડી જતાં અને સુગરા બની જતાં હતાં આમ માનગઢ ખાતે દર વર્ષે સંપ સભાનું આયોજન થવા લાગ્યું અને ગામે-ગામ કોટવાળોની રચના કરવામાં આવી.

**ગોવિંદગુરુનો વિરોધ :**

ગોવિંદગુરુની સારી વાતો નિર્દોષ હતી પરંતુ સામંતવાદી રજવાડાઓમાં ખતરો પેદા થવા લાગ્યો જેથી રાજાઓ અને જાગીરદારો વચ્ચે ભય પેદા થયો જેમાં રજવાડા અને બ્રિટીશરો ફાફળાં બેઠા થઈ ગોવિંદગુરુનો વિરોધ કરવા લાગ્યા અને અંગ્રેજી પોલીશ દ્વારા આદિવાસીઓને પરાણે દારૂ પીવડાવવાની કોશીશ કરાવવા લાગ્યા તેમજ બિટીશરો પોતાના કર્મચારીઓ મારફતે શાળાઓ બંધ કરાવતા હતાં. અને શિક્ષકોને મારઝુડ કરીને ભગાડી મુકતાં હતાં તેમજ રુદ્રાક્ષની માળા પહેરવા ઉપર પ્રતિબંધ લાદતા હતાં.

**માનગઢ કાંડ :**

દર વર્ષે ભરાતી સંપસભા રજવાડી શાસન અને બ્રિટીશ શાસન વિરુદ્ધની છે. જેથી દેશી રજવાડાઓએ નક્કી કર્યુ કે તા. ૧૭-૧૧-૧૯૧૩ (વાર્ષિક સંમેલન)ની સંપ સભા નિષ્ફળ બનાવવી જોઈએ. એમ વિચારી રેવાકાંઠા વિસ્તારના બ્રિટીશ પોલીટીકલ એજન્ટ સાઉર્થન સ્ટેટ એજન્ટ ઉપર તાર કરી જણાવવામાં આવ્યું કે ગોવિંદગુરુ અને તેમના પાટવી શિષ્ય પારગી પુંજાભાઈ ધીરાભાઈ (ડુંગરવાળા) ને પકડી લેવા અને સંપસભા વિખેરી નાખવી નહીંતર હવે આદિવાસીઓ માનવાના નથી. કદાચ ગોવિંદગુરુના જુસ્સાભેર ભાષણથી દેશી રજવાડાઓનો ખજાનો લુંટાઈ જાય તેવી શંકા છે. જેથી બ્રિટીશ સરકારે ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા મુંબઈના ઓનરેબલ પી.આર.બરોના ઓર્ડરથી કમિશ્નરશ્રી એન.ડી. તથા મિસ્ટર સી. ડબલ્યુ એમ. હડસન રેવાકાંઠા પોલીટીકલ એજન્ટને ડી.એસ.પી. ગોધરા તેમની ફોજો લઈ સુંથરામપોર (સંતરામપુર)ના રસ્તે થઈ માનગઢ પહાડની ફરતી ગોઠવાઈ ગઈ બીજી બાજુ ખેરવાડાથી બ્રિટીશ હેમલ્કન પોતાની ફોજો લઈ માનગઢ પહાડને ચારે બાજુથી ઘેરી લેવામાં આવ્યો.



***જન્મભૂમિ વેડસા ખાતે આવેલી ગોવિંદગુરુની ધૂણી ખાતે ભજન સંધ્યા કરતાં ગોવિંદગુરુના પૌત્ર લક્ષ્મણભાઈ અમરુભાઈ વણજારા નજરે પડે છે.***
***તસ્વીર : અર્જુન કે. પારગી***

માનગઢ પહાડ ઉપર હજારોની સંખ્યામાં કેટલાય આદિવાસીઓ શ્રદ્ધેય ગોવિંદગુરુના ભજનોમાં તરબોળ બની ગયા હતાં અને નીચે મુજબના ભજનોમાં તલ્લીન થઈ અંગ્રેજોને ભારતદેશ છોડી જવા માટે કહેતા હતાં.

**ભજન**

***માનગઢ મારી ધુણી હે ઝાલોદમાં મારી કુંડી હે***
***ભુરેટીયા નઈ માનુ રે નઈ માનું***
***ઝાલોદ મારી કુંડી હે દાહોદમાં મારી થાળી હે***
***ભુરેટીયા નઈ માનું રે નઈ માનું.***
***દાહોદ મારી થાળી હે ગોધરામાં મારો દિવો હે***
***ભુરેટીયા નઈ માનુ'રે નઈ માનું***
***ગોધરામાં મારો દિવો હે અમદાવાદ મારી જાજમ હે***
***ભુરેટીયા નઈ માનુ રે નઈ માનું.***
***અમદાવાદ મારી જાજમ હે દિલ્હીમાં મારી કલમ હે***
***ભુરેટીયા નઈ માનુ રે નઈ માનું***
***દિલ્હીમાં મારી કલમ હે પંચાયતી રાજ લાવવું હે***
***ભુરેટીયા નઈ માનું રે નઈ માનું***
***પંચાયતી રાજ લાવવું હે માનગઢમાં મારી ધુણી હે***
***ભુરેટીયા નઈ માનું રે નઈ માનું.***

આવા ભજનો ગવાઈ રહેતા ત્યાર એકાએક ફાયરનો આદેશ આપવામાં આવતાં ૧૫૦૭ જેટલા આદિવાસીઓ કાળના મુખમાં ધકેલાઈ ગયા હતાં અને

ચોમેર નાસ ભાગ મચી જતા ગોવિંદગુરુ અને પારગી પુંજાભાઈ ધીરાભાઈ સહિત ૮૦૦ માણસોને પકડી લેવામાં આવ્યા હતાં. જેમાં ૨૬ જેટલા માણસોને ફાંસીની સજા થતાં વિદ્રોહના ભયના લીધે અને સુંથરામપોર રાણીબાની વિનવણીથી ફાંસીના બદલે આજીવન કારાવાસની સજા ગોવિંદગુરુ, અને પારગી પુંજાભાઈ ધીરાભાઈ સહિત બીજા ૨૪ સાથીઓ ને થતાં તેમને આંદામાન-નિકોબાર ટાપુ ખાતે રાખવામાં આવ્યા હતાં જેમાં ભારત અને ચીન વચ્ચે શાંતિ થતાં જુના કેદીઓને છોડી મુકવાનો હુકમ થતાં ૧૦ વર્ષની સજા કાપી ગોવિંદગુરુ બે માસ સુધી ભીલ સેવા મંડળ દાહોદ ખાતે પૂજ્ય ઠક્કરબાપા જોડે કામ કરી લીમડી (ઝાલોદ) નજીક કંબોઈ ગામે ગોવિંદગુરુએ પોતાનું શેષ જીવન વિતાવ્યું. આદિવાસીઓના મસીહા ગોવિંદગુરુનું અવસાન તા. ૩૦-૧૦-૧૯૩૧ ના રોજ થયેલ છે.

દર વર્ષે માગશર સુદ પૂર્ણિમાના દિને હજારો લોકો માનગઢ હિલ ખાતે ભેગા થઈ પોતાના સ્વામી ગોવિંદગુરુ અને આઝાદી માટે શહીદ થયેલ સપુતોને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પિત કરે છે. માનગઢની માટીના મોંઘેરા સંતને કોટી કોટી પ્રણામ.

# ગણિત શિક્ષણ

શ્રી આર. કે. પટેલ
ગણિત-વિજ્ઞાન એકમ
ડાયટ, સંતરામપુર

નાના બાળકોને નીચેના સાધનો દ્વારા ગણિત શિક્ષણ આપી શકાય.

(૧) રેતિયા અંક : ૦ થી ૯ ની પૂંઠાની તકતીઓ બનાવવી. પૂંઠાંની તકતીઓ પર ગુલાબી કાગળ ચોટાડવો અને દરેક તકતી પર ૦ થી ૯ ની જુદી જુદી સંખ્યા કાળા કાચ પેપર પર તૈયાર કરી લગાડવી. બાળકો સ્પર્શ દ્વારા અને દર્શનેન્દ્રિય દ્વારા ૦ થી ૯ નો ખ્યાલ મેળવશે.

(૨) ટોપલીની રમત : એક ટોપલીને શુસોભિત કરવી અને તેની અંદર ૦ થી ૯ ચિટ્ઠીઓ મુકવી. જે સંજ્ઞા નીકળે તેની સાથે સાથે ચચુકા કે મણકા કે કોડીઓની ગણતરી કરવી.

(૩) ટપકાની રમત : ટપકા દ્વારા ૧ થી ૧૦ જુદા જુદા કાગળ પર લખવા અને ટપકા જોડાવવા.

(૪) વસ્તુ દ્વારા અંક શિક્ષણ : ૧ થી ૧૦ વસ્તુઓ લેવી ને તેની સામે ૧ થી ૧૦ ના કાર્ડ મુકવા.

(૫) સંખ્યા અને સંજ્ઞાનો પરિચય : ૧ ની તકતી સામે ૧ કોડી, ૨ ની તકતી સામે બેકોડી, એમ ૧ થી ૧૦ શીખવવા.

(૬) એકાંકી સરવાળા : ૧ + ૧ = ૨ એ રીતે ૯ સુધી ગણતરી શીખવવી.
એકાંકી બાદબાકી : ૯ – ૧ = ૮ એ રીતે ઉતરતા ક્રમમાં જવું.

(૭) અધૂરા સેટ પૂરા કરો :

| | |
|---|---|
| ૧ | ૧ |
| ૧ | |

| | |
|---|---|
| ૨ | ૨ |
| ૨ | |

| ૧ | | ૨ | આ રીતે ૧ ના ચોરસમાં ૧ ની તકતી મૂકવી.

(૮) તોલમાપ : ત્રાજવા દ્વારા કોઈપણ શાક તોલી શકે. અનાજ, કઠોળ તોલી શકે.

(૯) નાણા પરિચય : પાંચ પૈસાથી લઈને રૂ. ૧૦/- સુધીનો પરિચય કરાવવો.
આ સાધનમાં વચ્ચેનું ખાનું પૂરી પાઠ અપાવવો.

(૧૦) સંજ્ઞાક્રમ :

| | | |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૨ | | ૪ |
| ૩ | | ૫ |
| ૪ | | ૬ |
| ૫ | | ૭ |
| ૬ | | ૮ |
| ૭ | | ૯ |

(૧૧) પ્રમાણ માપ : પ્રમાણ માપમાં કોઈ પણ એક વાસણમાં કેટલુ પ્રવાહી અથવા પદાર્થ ભરાય તેનો ખ્યાલ આપવામાં આવે છે.

(૧૨) સંખ્યાક્રમમાં સંજ્ઞાક્રમની જેમ જ વસ્તુ લઈ કરી શકાય.

(૧૩) અપૂર્ણાંકનું વર્ગીકરણ : આ સાધનમાં આખા, ગોળ, પોણા ગોળ, અર્ધગોળ અને પા ગોળ તૈયાર કરવા. આ દરેક એક મોટા પૂઠા પર ડાબી સાઈડે ઉપરથી નીચે ચોટાંડી દેવા અને તેની છૂટી તકતીઓ પણ બનાવવી. પછી બાળકો આખા ગોળની સામે આખા ગોળની તકતી મૂકશે. અડધા સામે અડધાની એ રીતે સાધન રમશે અને અપૂર્ણાંકનો ખ્યાલ મેળવશે.

## ગાણિતિક કોયડા

૧. ૧, ૩, ૫, ૭, ૯, ............

૨. ૨, ૪, ૧૬, ............

૩. ૧, ૪, ૭, ૧૦, ૧૩, ............

૪. ૧૨૫, ૨૫, ............

૫. ૨, ૧૦, ૫૦, ............

૬. ૧૩, ૯, ૫, ............

૭. ૧૦૦, ૨૦, ૫, ............

૮. ૩, ૯, ૨૭, ૮૧, ............

૯. ૫૦, ૨૫૦, ૨૫૩, ૧૨૬૫, ............

૧૦. ૧૦૦૦, ૧૦૦, ............

## ગણિત ગમ્મત


(૧) દુર્ષિલ પાસે પાર્થ કરતા ત્રણ ફુગ્ગા વધુ છે. પાર્થ પાસે ભારતી કરતાં બમણા ફુગ્ગા છે. ભારતી પાસે દુર્ષિલ પાસે છે. તેના કરતાં ત્રીજા ભાગના ફુગ્ગા છે. તો ત્રણે પાસે કેટકેટલા ફુગ્ગા હશે ?
જવાબ : દુર્ષિલ પાસે : ૯
પાર્થ પાસે : ૬
ભારતી પાસે : ૩

(૨) પાંચ બાળકોએ કેરમની ટુર્નામેન્ટમાં ભાગ લીધો. દરેકે એકબીજાની સાથે રમવાનું છે. તેઓએ કુલ કેટલી વખત કેરમ રમવું પડશે ?
જવાબ : ૧૦ વખત

(૩) દરેક હરોળમાં સાચો જવાબ મળે તે માટે ખુટતાં અંક શોધો.

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ૬ | ૮ | ૨ | [૧] |
| ૪ | ૨ | ૬ | [૧] | ૭ |
| ૫ | ૮ | [૧] | ૨ | ૦ |
| ૩ | [૧] | ૬ | ૨ | ૧ |
| [૧] | ૦ | ૮ | ૨ | ૦ |

(૪) આપેલ વર્તુળમાં લખેલી સંખ્યાઓ તર્કબદ્ધ રીતે લખેલી છે. પ્રશ્નાર્થવાળા ખાનામાં કઈ સંખ્યા આવે તે લખો.




(૫) જીગ્નેશે વિનોદને પુછ્યું, એવા કયા ત્રણ અંકો છે કે જેનો સરવાળો અને ગુણાકાર સરખો થાય છે ?
જવાબ : [૧, ૨ ૩]


(૬) વિવેક પાસે રૂ. ૧૦૦ ના સિક્કા છે. જેમાં ૫૦ પૈસા, ૧ રૂપિયો અને ૨ રૂપિયાના રૂા. ૧૦૦ના સિક્કા છે. તો તેની પાસે ૫૦ પૈસાના કેટલા સિક્કા હશે ?
જવાબ : [૬૦]

## ગણિત ગમ્મત


- મોન વાંદરાને ૧૨ મીટર ઉંચા થાંભલા પર ચડવાનું છે. એક મિનિટમાં તે ત્રણ મીટર ઉપર ચઢે છે. અને બીજી મીનીટે બે મીટર લપસી પડે છે. તેને થાંભલાની ટોચ પર પહોચતાં કેટલો સમય લાગશે ?
જવાબ : ૧૯ મિનિટ

- ધૈવતે સિદ્ધાર્થને કહ્યું જો, તુ મને મારા પતંગમાંથી પાંચ પતંગ આપે તો મારી પાસે તારા કરતાં બમણા પતંગ થાય. સિદ્ધાર્થે ધૈવતને કહ્યું, જો તુ મને તારા પતંગમાંથી પાંચ પતંગ આપે તો મારી પાસે પણ તારા કરતાં બમણા પતંગ થાય. તો ધૈવત પાસે કેટલા પતંગ હશે ?
જવાબ : ૧૫ પતંગ

- પાયાને ખસેડ્યા સિવાય બે દિવાસળી ખસેડીને પાંચ ત્રિકોણ બનાવો.



જવાબ :-



● ખાલી □ માં +, –, ×, ÷ ની નિશાની એવી રીતે મૂકો કે જેથી આપેલ જવાબ મળે.


(૧) ૧૧ – ૬ + ૫ = ૧૦

(૨) ૨ + ૯ – ૩ = ૮

(૩) ૩ × ૬ ÷ ૨ = ૯

(૪) ૧૨ ÷ ૨ – ૪ = ૨

● ખૂટતી સંખ્યા શોધો.




# પ્રાથમિક શિક્ષણક્ષેત્રે બાળકોનો ભાષા વિકાસ

ડૉ. એ. વી. પટેલ
ડાયટ,સંતરામપુર

o પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે બાળકોને ભાષા વિકાસ અનેક રીતે થઈ શકે છે. જે નીચે મુજબ છે.

(૧) બાળવાર્તાઓ દ્વારા : બાળવાર્તાના સુંદર ચિત્રો બતાવીને, પ્રોજેક્ટ દ્વારા સેન્ડ ટ્રે દ્વારા, પપેટ્સ દ્વારા બાળ વાર્તાની સુંદર ફિલ્મ બતાવીને બાળવાર્તાઓ રજુ કરી શકાય. આ બધાંથી બાળકોનો શબ્દ ભંડોળ વધે છે. ઉચ્ચાર શુદ્ધિ થાય છે. કલ્પના શક્તિ ખીલે છે, જીજ્ઞાસાવૃત્તિ સંતોષાય છે. અને સામાન્ય જ્ઞાનમાં વધારો થાય છે.

(૨) વાતચીત દ્વારા ભાષા વિકાસ : બાળકો સાથે હળવી શૈલીમાં વાતચીત કરી આત્મીયતા કેળવી તેમનો શબ્દ ભંડોળ વધારી શકાય છે. અને ભાષા શિક્ષણ પણ આપી શકાય છે. ઘરના આંગણે ફરતા પ્રાણીઓ અને જંગલી પ્રાણીઓ, તેવી જ રીતે ઘરના આંગણે ઉડતાં પક્ષીઓ અને જંગલમાં રહેતા પક્ષીઓ વિશે વાતચીત કરી શકાય. જમીન પર ચાલતા, પાણીમાં તરતા અને આકાશમાં ઉડતા વાહનો વિશે પણ વાતચીત કરી શકાય.

(૩) વિવિધ પ્રકારની પરિચય ટ્રે બનાવીને પણ ભાષા આપી શકાય : જેવી કે તેના પરિચય, વિવિધ વસ્તુઓનો પરિચય, વૈજ્ઞાનિક સાધનો, પગરખાં પરિચય, પોષક પરિચય, ઘરેણાં પરિચય, નાણાં પરિચય, ફર્નિચર, ધંધાદારી, મુખવાસ, મસાલા, વૃક્ષ પરિચય, પાન પરિચય, ફળ-ફુલ પરિચય.

(૪) વ્યાકરણના પાઠો દ્વારા ભાષાનો વિકાસ : વ્યાકરણના પાઠો દ્વારા પણ ભાષા વિકાસ થઈ શકે. જેવીકે જાતિની રમત, નામયોગી અવ્યય, ઉભયાન્વયી અવ્યવ વગેરેથી બાળકોનો ભાષા વિકાસ થઈ શકે. વિવિધ રમકડા અને વસ્તુઓથી આપવાં જેથી બાળકના મગજ પર અનાવશ્યક બોજો પડ્યા વગર તે પરોક્ષ રીતે વ્યાકરણ શીખી શકે.

(૫) ભાષા વિકાસ વિરોધી શબ્દો શોધાવીને કરાવી શકાય : જોડકાંના શબ્દો દ્વારા પણ કરાવી શકાય. વસ્તુ ચિટ્ઠી દ્વારા પણ કરાવી શકાય. એટલે ચિટ્ઠીમાંથી નીકળે તે વસ્તુ બનાવે અને ચિટ્ઠીમાં નીકળે તે ચિત્ર બતાવે.

(૬) બાળ નાટકો દ્વારા : પણ ભાષા વિકાસ થાય છે. નાટકોથી બાળકોનો ભાષા ભંડોળ વધે છે. ઉચ્ચાર શુદ્ધિ થાય છે. અભિનય શક્તિ હાવભાવ પ્રગટ કરતાં શીખે છે. અને હાવભાવથી વાંચતા પણ શીખે છે. મુખ્ય પાત્રથી માંડી ગૌણ પાત્ર ભજવવાની માનસિક તૈયારી અને ક્ષમતા આવે છે. બાળ નાટકોમાં ડ્રેસ અને પ્રાણી પક્ષીઓના મોઢા બનાવવા.

(૭) ભાષા વિકાસ માટે વિવિધ પ્રોજેક્ટ તૈયાર કરાવી શકાય : જેમકે સરકારનો પ્રોજેક્ટ, રેલ્વે સ્ટેશનનો પ્રોજેક્ટ, પોસ્ટ ઓફિસનો પ્રોજેક્ટ, દવાખાનાનો

પ્રોજેક્ટ. આ પ્રોજેક્ટ ચિત્ર દ્વારા, પુઠાં પર રચના કરીને અને પ્લાસ્ટર ઓફ પેરિસનો ઉપયોગ પણ થાય.

(૮) સંગીત દ્વારા ભાષા વિકાસ થાય : સંગીતમાં પ્રાર્થના - ધૂન, ભજનો, પ્રાસંગિક ગીતો, હાસ્યગીતો, બાળગીતો, અભિનય ગીતો વગેરે દ્વારા ભાષા વિકાસ થઈ શકે. ઉખાણા દ્વારા પણ થઈ શકે છે.

(૯) બાળ મેળા દ્વારા ભાષા વિકાસ : બાળકોને બાળમેળામાં લઈ જવાથી વિવિધ પ્રકારના પોષાક, વસ્તુઓ, પદાર્થો, સાહિત્ય, રમતો, ચિત્રો વગેરે જુએ છે. અને તેમનો ભાષા વિકાસ થાય છે.

(૧૦) બાળ રમતો દ્વારા ભાષા વિકાસ : વિવિધ બાળ રમતો રમાડવાથી પણ ભાષા વિકાસ થાય છે. દા.ત. પેંડલરેસ - આ રમતમાં ૭ રંગના પુઠાના ગોળ પેંડલ બનાવી બાળકોને પહેરાવવામાં આવે છે. બાળકોને ગોળમાં ઊભા રાખી વચ્ચે દડો મૂકવામાં આવે છે. પછી શિક્ષક સિસોટી વગાડી કહે છે. લાલ રંગવાળા દડો લાવે, લીલા રંગવાળા લાવે, આમ, રંગની ઓળખ સાથે ભાષા વિકાસ થાય છે.

(૧૧) બાળ સંગ્રહાલય દ્વારા પણ ભાષા વિકાસ થાય છે.

(૧૨) તહેવારોની ઉજવણી દ્વારા ભાષા વિકાસ થાય છે.

(૧૩) મહાપુરુષોની જયંતિઓની ઉજવણી દ્વારા પણ ભાષા વિકાસ થાય છે.

(૧૪) બાળ પુસ્તકાલય દ્વારા પણ ભાષા વિકાસ સાધી શકાય છે.

(૧૫) ૧૦-૧૫ શબ્દો આપીને વાર્તા લખાવી શકાય.

(૧૬) કોઈપણ ચિત્ર આપીને પણ તેના વિશે ૧૦-૧૫ લીટી લખવા આપી શકાય.

(૧૭) મુદ્દા આપીને પણ વાર્તા લખવા કહી શકાય.

# વસંતમાં વનમાં, વસંત જનમાં, ને વસંત વર્ગખંડમાં !


વિનુ સોલંકી 'ધુમ્મસ'
પલાસ ફળિયા વર્ગ પ્રા.શાળા, આંજણવા,
તા. સંતરામપુર સી.આર.સી. સરસવા (પ.)


શિશિર-વસંતના સંધિકાળે ગુલાબી શીતલહેરોએ સૃષ્ટિને સંકજામાં જકડી લીધી છે. વૃક્ષ-વેલીની ડાળે-શાખે લીલપરી ટશરો ફૂટી રહ્યાના સગડ છે. ક્યાંક કૂણી કૂંપળાએ રીતસર વસંતની આલ-બેલ પોકરી છે. શ્રાવણી લીલપનો નશો રામવાને આરે છે. ત્યાં જ વાસન્તિ લીલપનો જામ ભરી સાવ સમીપ આવી ઉભેલી ઋતુ-રાણીમાં એકાકાર થવા વગડો થનગની રહ્યો છે. કવિઓ ગમે તેવા શબ્દવૈભવથી વસંતને પોંખે પણ તેની રમણિયાને વર્ણવી શકે નહિં એવો તેનો અવિર્ભાવ થઈ રહ્યો છે. પ્રકૃતિના આવા જાજરમાન સૌંદર્યને પીતાં કોઈ નીવડેલો શબ્દકારે કહ્યું છે :

'વસંત વનમાં ને વસંત જનમાં !'

વસંત માત્ર વનવનને જનજન નહિં પરતુ માણસના દરેક કાર્યક્ષેત્ર સુધી વિસ્તરવી જોઈએ. હું મારા કાર્યક્ષેત્ર સાથે સાંકળતા ઉપરની ઉક્તિને આગળ વધારવાની ગુસ્તાખી કરી લઉં છું :

'વસંત વનમાં, વસંત જનમાં
ને વસંત વર્ગખંડમાં!'

ગુસ્તાખી માફ !

શબ્દકારે 'વસંત વનમાં ને વસંત જનમાં' કહી બે સ્વરૂપ વસંતના મહત્વે દ્વિગુણિત કર્યું છે. કોઈ પણ વ્યવસાય સાથે સંકળાયેલા 'કર્મવીર' ને હંમેશા એક જ લગન હોય, તે એ કે 'મારું કાર્ય-ક્યારે દીપી ઊઠે ?' અને જ્યારે તે કારીગરનું કામ તેના લક્ષિત ધ્યેયને હાંસલ કરે છે. ત્યારે, તે કારીગરના કાર્યપ્રદેશમાં સુયોજના રૂપે, કૃતિમાં સફળતા રૂપે અને તેના હોઠો પર મંદ સ્મિત સ્વરૂપે નિખરતી વસંત જોવા મળે છે. એક એવી વસંત (અહીં સિદ્ધિ) કે જેની હંમેશા સૌને તલાશ હોય છે. જગતના અન્ય કલાકારો, કારીગરો પાસે પ્રકૃતિના ઈતર તત્ત્વો રો-મટીરીયલ્સ તરીકે હોય છે, જ્યારે શિક્ષકના હાથમાં ખુદ માણસ હોય છે. આથી કલ્પી શકાય કે સૃષ્ટિના અન્ય સર્જકોની તુલનામાં શિક્ષકકર્મ કેટલું કપરું

હશે. ખુદ બ્રહ્માએ જે માણસનું સર્જન કર્યું છે. એ જ માણસનું નવસંસ્કરણ કરવાનું એટલે કે બ્રહ્માનું અનુસર્જન કરવાનું કામ શિક્ષક (ગુરુ) ના હાથમાં છે અને એટલે જ તો 'ગુરુ' ને 'સાક્ષાત્ પરંબ્રહ્મ' કહ્યો છે. બ્રહ્મા એટલે સર્જક. અને 'પરંબ્રહ્મ' એટલે સર્જકોમાં શ્રેષ્ઠ. જે સર્જકોમાં શ્રેષ્ઠ છે તે 'ગુરૂ'.

યુગોથી માણસની જીવનધરા ઉપર વસંત ખિલવવાનું ભગીરથ કર્મ કરતો રહ્યો છે શિક્ષક. સમયાન્તરે જોઈ શકાયું છે કે નીવડેલા ગુરૂજનોના વર્ગખંડોમાંથી શ્રીરામ, શ્રીકૃષ્ણ, અર્જુન, ચંદ્રગુપ્ત, વિવેકાનંદ, ગાંધીજી, પ્લેટો, એરિસ્ટોટલ, સિકંદર જેવાં પ્રેરણાત્મક સૌરભથી તરબતર ફૂલો આ વિશ્વને સાંપડ્યાં છે. આ એવા ફૂલો કે જેમનું અસ્તિત્વ વર્ષો પૂર્વે પૂરું થઈ ગયું છે, તેમ છતાં આજે પણ તેમની સુવાસ આપણા જીવનને પ્રેરણા પૂરે છે. કેવી હશે એમના ગુરૂજનોની માવજત ?

વર્ગખંડમાં વસંત એટલે વર્ગના બાળકોમાં શીલ, સૌંદર્ય, સ્નેહ, ત્યાગ, બલિદાન, વિવેક, નમ્રતા, કર્મ,ધર્મ, ધૈર્ય, સંમોહન, શીતળતા, બૌદ્ધિકતા, વીરતા, લાગણીશીલતા, ઉદારતા, ઋજુતા, શુદ્ધતા, દિવ્યતા, જ્ઞાન, વાણીમાધુર્ય અને સત્ય વગેરે નૈસર્ગિક ગુણોનું પ્રત્યારોપરણ કરવું તે. ઉપર નિર્દેશિત ઉત્તમ ગુણોનું સંમિશ્રિત રસાયન બાળકોને પોષકતત્ત્વ તરીકે એ રીતે આપવું કે બાળકોને તે આકરાં ન થઈ પડે પરંતુ સહજ સ્વીકાર્ય હોય. બાળકોને આ બધા ગુણો સહજ સ્વીકાર્ય ત્યારે જ બને જ્યારે આપણે 'ગુરૂ' તરીકે તે બધા જ ગુણો નિષ્ઠા પૂર્વક આચરતા હોઈએ. બાળકો પાસે 'આદર્શ જીવન' ની આશા રાખતાં પૂર્વે આપણે 'આદર્શ જીવન' તરીકે તેમની સમક્ષ પ્રસ્તુત થવું પડશે. વર્ગખંડમાં વસંતનું નિર્માણ કરવા વર્ગખંડ સુશોભન અને ટી.એલ.એમ. વગેરેની યોગ્ય ગોઠવણ એ પણ મહત્ત્વની બાબત છે. વર્ગની સજાવટ બાળકોને ગમે તેવી નયનરમ્ય હોવી જોઈએ. તોરણ-ધજા-પતાકા, હાર વગેરે ભડ્ક રંગના ન હોય પરંતુ મિશ્ર રંગના અને આછા રંગના હોય તે જરૂરી છે. ટી.એલ.એમ. યોગ્ય સ્થાને ગોઠવાય, યોગ્ય સમયે તેનો મહત્તમ ઉપયોગ થતો રહે તે ખૂબ જરૂરી છે.

બાળકોની શરીરસફાઈ અને વર્ગખંડની સફાઈ એ પણ 'વર્ગખંડમાં વસંત' ખિલવવામાં મહત્ત્વની બાબત છે. રોજરોજ બાળકોના શરીર-કપડાં વગેરે વ્યક્તિગત ચકાસી તેમને સ્વચ્છ થવામાં મદદ કરવી. બાળકોને નખ કાપવામાં, વાળ ઓળવામાં મદદ કરવી. મોટી રીશેષ પછી વર્ગમાં બેસતાં પહેલાં હાથ-પગ મોઢું વગેરે ધોઈને બેસે એ કાળજી રાખવી. પાણીના વાસણ રોજ રોજ સ્વચ્છ થાય અને શુદ્ધ કાપડના ગળણે પાણી ગાળી લેવામાં આવે તેની ખાસ તકેદારી રાખવી. મધ્યાહનભોજન પર ખાસ નજર રાખવી. સ્વચ્છ-સુઘડ વાસણો, શાક-ભાજીની સફાઈ અનાજની સફાઈ વગેરે બાબતો ઉપર રોજિંદી તકેદારી લેવાય તે જ ઉચિત છે. યોગ્ય પ્રમાણમાં 'મધ્યહ્ન ભોજન' નો સ્ટોક ફળવાય અને બાળકોને પોષણયુક્ત આહાર મળે તેનું ખાસ ધ્યાન આપવું.

વર્ગકાર્યમાં દૈનિક આયોજન પ્રમાણે કાર્ય થવું અનિવાર્ય છે. ચિત્ર, શિલ્પ, સંગીત, રમત-ગમત અને વ્યાયામ વગેરે પ્રવૃત્તિઓ ને યોગ્ય પ્રાધાન્ય આપી જે તે વિષયમાં નક્કર કામગીરી થાય તે જરૂરી છે. ઘણીવાર ઉપર નિર્દેશીત વિષયો માત્ર આયોજન પૂરતા સીમિત રહે છે અને વર્ગકાર્ય થતું નથી ત્યારે આપણાથી જાણ્યે ઉગતી પ્રતિભાઓ ઉપર છેદ મૂકવાનું પાપ થઈ જાય છે. આમ ન થાય તેની અવશ્ય કાળજી લઈએ. દરેક વિષયને સરખું પ્રાધાન્ય આપીએ. અને જે તે વિષયની પ્રતિભાઓને આગળ વધવામાં પૂરું માર્ગદર્શન આપીએ. બાળકોને આપણે સારી બાબતો માત્ર ભણાવવાની નથી. આપણે તે સારી બાબતોને યથાસ્વરૂપે આચરણ માં મૂંકી જીવી બતાવવાની છે. શિક્ષક તો બાળકો માટે 'મોડલ લાઈફ' છે. આપણે જાણીએ છીએ તેમ બાળકો તેના શિક્ષકને અનુસરે છે. આપણે વર્ગખંડમાં કે વર્ગખંડની બહાર આપણા બાળકો સમક્ષ એ રીતે પ્રસ્તુત થઈએ કે આપણે બાળકોમાં જે આદર્શ સંસ્કારોનું પ્રત્યાયન કરવાનું છે તે તમામ ગુણોવાળું જીવન જીવવા આપણા બાળકો મજબૂર થઈ જાય. આપણે આપણા બાળકો સમક્ષ 'શક્તિમા,' 'આર્યમાન,' 'હી-મેન', પ્રસ્તુત થવાનું છે. અને એ મટે આપણે આપણી જાતને તૈયાર કરવી પડશે. વિશેષ વાંચન અને સંદર્ભજ્ઞાન માટે જગતના ઉત્તમ સાહિત્યને આત્મસાત કરવું પડશે. કારણ કે ગુરૂનો એક વ્યાખ્યામાં એમ કહેવાયું છે કે 'ગુરુ' એટલે એક કરતાં વિશેષ વિષયોમાં નિપુણતાની કક્ષાએ જ્ઞાન ધરાવનાર અસાધારણ વ્યક્તિ. તો આવો આપણે આપણા વર્ગખંડમાં પણ વસંત ખિલવીએ.

# સારા અક્ષર કોને કહેવાય ?

ડૉ. એ. વી. પટેલ
તંત્રી "મૈત્રી"

૧. અક્ષરોનો યોગ્ય વળાંક, સુંદર મરોડ.
૨. અક્ષરો સપ્રમાણ, એક સરખા માપના.
૩. આખું લખાણ સીધી લીટીમાં.
૪. ગુજરાતી અક્ષરો લીટી નીચે, લીટીને અડીને.
૫. અક્ષરોની બે હાર વચ્ચે યોગ્ય અંતર.
૬. એક શબ્દના અક્ષરો ભેગા, છૂટાછુટા નહિ.
૭. બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર, શબ્દો છૂટાછૂટા.
૮. સમાન વળાંકવાળા અક્ષરોના વળાંક સ્પષ્ટ ઓળખાઈ આવે એવા.
   ય,ચ,મ, ભ, ધ, ઘ, પ, ય, ક્ષ, જ્ઞ, ખ બ
૯. જોડાક્ષરો યોગ્ય રીતે જોડેલા.
૧૦. સ્વરની સંજ્ઞાઓનો ઉપયોગ યોગ્ય રીતે.
૧૧. હાંસિયો અવશ્ય રાખવો.
૧૨. ફકરા પાડવાજ જોઈએ.
૧૩. વિરામચિહ્નો નો યોગ્ય જગ્યાએ ઉપયોગ.
૧૪. જોડણી સાચી, જોડણીની ભૂલો વગરનું લખાણ.
૧૫. ડાઘાડૂઘી વગરનું છેકછાક વગરનું લખાણ.
૧૬. અતિ ધીમા નહિ, અતિ ઉતાવળે નહિ, યોગ્ય ઝડપે લખવાની ટેવ.

# સારા અક્ષર કરવા શું કરવું જોઈએ

૧. સારા અક્ષરોના નમૂના એકત્ર કરવા. તે કેમ સારા છે તે જોવું - બતાવવું
૨. ખરાબ અક્ષરોના નમૂના એકત્ર કરવા. તે કેમ ખરાબ છે તે જોવું- બતાવવું.
૩. અક્ષરો સારા કે ખરાબ કરવા તે આપણા હાથની વાત છે.
૪. "પ્રત્યેક માણસ કાળજી રાખે તો સુંદર અક્ષરે લખી શકે", એવો આત્મવિશ્વાસ જગાડવો.
૫. વિદ્યાર્થી શિક્ષકના અક્ષરને આદર્શ ગણે છે માટે શિક્ષકે તો અક્ષર સારા કરવા જ જોઈએ.
૬. ખૂબ લખવાનું હોય તો કંટાળો આવે છે, અક્ષરોમાં બેકાળજી થાય છે. માટે વધારે પડતું લખવાનું ન આપવું.
૭. નહિ બહુ ઉતાવળે કે નહિ બહુ ધીમે, શરૂઆતથીજ યોગ્ય ઝડપે લખતાં શીખવવું.
૮. લખતાં શીખે તે પહેલાં આકારોનો, વળાંકોનો મહાવરો બરાબર કરાવવો.
૯. સીધી રેખા સૈનિકોની જેમ સીધી ઊભેલી.
૧૦. સાદા વળાંકો, રેખાઓ થી થઈ શકતાં ચિત્રો દોરી બતાવવાં, પછી તેમ કરવા કહેવું.
૧૧. છાપેલા, હાથે લખેલા સુંદર અક્ષરો જોઈને તેના જેવું સુંદર લખવાનો મહાવરો કરે.
૧૨. સુયોજિત તાલીમ અને સતત મહાવરાથી સુંદર અક્ષર થઈ શકે છે.
૧૩. લખવાનાં સાધનો સ્વચ્છ હોવાં જોઈએ.
૧૪. મનમાં વિચારીને વાક્યો ગોઠવીને લખે જેથી પછી છેકછાક ન કરવી પડે.
૧૫. લખેલું ફરીથી તપાસી જવાની ટેવ પાડે.
૧૬. જે કંઈ લખીએ તે સુંદર અક્ષરે જ લખીએ તેવો આગ્રહ.
૧૭. હરીફાઈ જો કરવી હોય તો આટલું કર્યા પછી જ.

**મહાવરા માટેનાં વળાંકો**



મહાવરામાં ઉપયોગી થાય તેવી આ અને આવી બીજી ઘણી આકૃતિઓ આપી શકાય.

મહાવરા માટેના અક્ષરો, સરખા વળાંકો સાથે.

ડ ડ ક ઠ ફ હ

ટ ઢ ર ચ સ શ

પ ષ ય થ ૧ વ ૭

દ ઘ ધ છ ૩ રુ ૬ ૦

ઈ ૮ જ ગ ઝ ણ ઝ

લ ળ મ ભ અ ખ

બ ત ન ક્ષ જ્ઞ શ્ર ઋ

પ્રયોગ કર્યા પછીનાં આ અંગેના આપનાં સૂચનો આવકાર્ય છે.

- ડાબોડીઓ પણ સુંદર અક્ષર કરી શકે છે.
- તેમને ડાબે હાથ લખવા માટે ટોકવા નહિ.ડાબે હાથે લખવા દેવું.
- કોઈએ તેમનામાં ડાબોડી માટે લઘુતા ઊભી કરી હોય તો તે દૂર કરી, ડાબોડીઓનાં ઉજ્જ્વલ દષ્ટાંત બતાવી. આત્મવિશ્વાસ જગાડવો.
- મૂલ્યાંકન વખતે ગુણાંકનમાં સુંદર અક્ષરના બધા મુદ્દાને આવરીને મૂલ્યાંકન કરવું. એક પણ મુદ્દો છૂટવો ન જોઈએ.
- બે થી વધુ વ્યક્તિઓ દ્વારા મૂલ્યાંકન કરાવવું.
- બધા મુદ્દાને આવરી લેતાં ગુણાંકન પત્રકમાંજ ગુણાંકન કરાવવું.

## સુંદર હસ્તાક્ષર

- સારા અક્ષર સારા શિક્ષણનું પહેલું પગથિયું છે.
- સારા અક્ષર એ એક કલા છે.
- મરોડદાર, સુઘડ અને સ્પષ્ટ અક્ષરો સૌને આકર્ષે છે.
- બચપણથીજ આ કળા સાધ્ય કરવાની સાધના કરવી જોઈએ.
- સારા અક્ષર બાળકના વિકાસમાં અજબ આત્મવિશ્વાસ પ્રેરે છે.
- નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે. ગાંધીજી.
- એકવાર અક્ષરોનો મરાડ આંગડીઓનાં ટેરવામાં સ્થિર થયા પછી જીવનભર એજ મરોડ કાયમ રહે છે.
- અક્ષરો સુવાચ્ય આંખને ગમે એવા, મનમોહક મરોડદાર થાય. તે સારા અક્ષર.
- પ્રત્યેક શિક્ષિત વ્યક્તિ માટે સુંદર અક્ષરો એ પ્રસંશનીય સિદ્ધિ છે.

# આપણા બાળકો અને શીખવાની પ્રક્રિયા

ડૉ. એ.વી. પટેલ
"તંત્રી" ડાયટ, સંતરામપુર

આપણા વર્ગખંડમાં બેઠેલાં ભોળાં, નાનાં ગુલાબ સમાં આપણા બાળદેવો અને તેઓને શીખવવાની પ્રક્રિયા વિષે આપણે શું માનીએ છીએ તે આપ આપના સ્ટાફમિત્રો વચ્ચે ચર્ચા કરો અને આપણી માન્યતાઓ સાચી કે ખોટી છે તે જાતે જ નક્કી કરો. દરેક વાક્યની સાથે વિકલ્પો આપેલ છે. જે વિકલ્પ સાથે આપ માન્યતા ધરાવો છે. તો કેંમ માન્યતા ધરાવો છે. તેની પણ ચર્ચા કરો અને સર્વાનુંમતે કોઈ એક મત ઉપર આવી તેનું વર્ગખંડમાં અમલીકરણ કરો.

**ચર્ચાપત્ર :- ૧ બાળકો વિશે વિશ્વાસ અને માન્યતાઓ..**

૧) બાળક શરૂઆતના આઠ વર્ષમાં જે શીખી લે છે તે હંમેશા યાદ રાખે છે. જેને પાછળથી બદલવું અઘરું હોય છે.

સહમત/ અસહમત / અંશતઃ સહમત // કેમ ?

૨) બાળક છે.

ક- એક ખાલી પાત્ર જેને ભરવાનું છે.

ખ- ભીની માટી જેને આકાર આપવાનો છે.

ગ- છોડ જેને પાણી સોંચવાનું છે.

ઘ- કાચી માટીનો ઘડો જેને પકવવાનો છે.

૩) એક બાળકમાં શીખવાની અમર્યાદિત ક્ષમતા હોય છે.

સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૪) બાળકનું ધ્યાન પતંગિયાનો માફક એક વસ્તુથી બોજા વસ્તુ પર જાય છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૫) બાળક નટખટ પ્રકૃતિના હોય છે અને તેમને શિસ્ત શીખવાડવી પડે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૬) બાળકનું મગજ મોણ જેવું અથવા એક કોરી સ્લેટ જેવું હોય છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૭) બાળકો જિજ્ઞાસું હોય છે અને શીખવાની ઈચ્છા રાખે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૮) બાળક જુદી-જુદી વસ્તુઓથી રમવાનું પસંદ કરે છે અને એના દ્વારા તેઓ ઘણું બધું શીખે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૯) બાળકો પોતાની આજુ-બાજુ શોધખોળ કરી શકે છે અને ધણું બધું જાણી શકે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

(૧૦) બાળકોનું મન કલ્પનાથી ભરેલું હોય છે અને તેમને દર વખતે નવી નવી વાતો રચવાનું સારું લાગે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

(૧૧) બાળકો જાત અનુભવથી વધારે શીખે છે અને નકલથી ઓછું.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

(૧૨) ૭થી ૧૧ વર્ષના બાળકો કાર્ય-કારણનો સંબંધ શોધી શકે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

(૧૩) બાળકો અંદરો-અંદર મળીને જૂથ કાર્ય કરી શકે છે અને એના દ્વારા ઘણી મહત્ત્વની વસ્તુ શીખી શકે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

## ચર્ચાપત્ર-૨ શીખવાની પ્રક્રિયા વિશે વિશ્વાસ અને માન્યતાઓ...

૧) બાળકો એ જ શીખે છે જે એમને શીખવાડવામાં આવે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૨) બાળકોને ગમે તે ઉંમરે શીખવાનો કોઈ પણ અનુભવ આપી શકાય છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૩) બાળકોને શીખવા માટે સૌથી વધારે જરૂરી છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?
ક. વડીલોની વાત સાંભળવી.
ખ. વિચારવું અને પોતાની જાતે અનુભવ કરવો.
ગ. પોતાના મિત્રોની સાથે કામ કરવું.
આ ત્રણેયનો પ્રાથમિકતાના ક્રમમાં ગોઠવો.

૪) શિક્ષક દરેક બાળક માટે એક નિશ્ચિત સમયગાળામાં શીખવાના અનુભવ આપવાનું નક્કી કરી શકે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૫) વારંવાર અભ્યાસ કરવામાં અને ગોખવામાં તફાવત છે.
હા/ ના.
જો હા. તો શું તફાવત છે. ?

૬) બાળકો શીખી શકે તે માટે યાદશક્તિના ઉપયોગની તકો જરૂરી છે.

સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૭) બાળકો કોઈ સંકલ્પના શીખી શકે તે માટે સૌથી વધારે જરૂરી છે.
- ક) શિક્ષક સંકલ્પનાને સ્પષ્ટરીતે જણાવી દે.
- ખ) શિક્ષક બાળકોની સાથે સંકલ્પના ઉપર ચર્ચા કરે અને તેમના પ્રશ્નોના જવાબ આપે.
- ગ) શિક્ષક બાળકો માટે એવા અનુભવો પુરાં પાડે, જેમાં બાળકોને સંકલ્પના સાથે સંઘર્ષ કરવાનો તક મળે.

૮) પ્રવૃત્તિ કરાવવી સારી રીત છે. એમાં બાળકોને આનંદ આવે છે. પરંતુ શીખવું-શીખવાડવું ગંભીર કામ છે. અને તે ગંભીરતા થી જ થઈ શકે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૯) બાળકમાં જિજ્ઞાસા પેદા કરવી. શીખવા માટે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૧૦) દરેક બાળક કોઈ ક્ષમતાને પ્રાપ્ત કરી લે એ માટે તે ક્ષમતાં પર એક અથવા બે આદર્શ પ્રવૃત્તિ અથવા પાઠ બનાવવા જરૂરી છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૧૧) બાળકો એક વખતમાં એક જ વસ્તુ શીખે છે અને નિર્ધારિત ક્રમમાં શીખે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૧૨) વર્ગખંડમાં દરેક બાળકને શીખવાની તકો આપવી અશક્ય છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત // શા માટે ?

૧૩) આજની તારીખમાં વર્ગખંડમાં થતી પ્રક્રિયા આ બાળકોની જરૂરીયાતો પૂરી પાડે છે.
- ૧. છોકરીઓ.
- ૨. આદિવાસી બાળકો
- ૩. વિકલાંગ
- ૪. હરતી-ફરતી જાતિના બાળકો.
- ૫. બાળશ્રમિક.

હા / ના / કેટલીક હદ સુધી.

# લાલચનું ધન (વાર્તા)

સંકલનઃ ડામોર જસવંતકુમાર એમ.

એક મોટું જંગલ હતું એમાં ઘણાં પ્રાણીઓ રહેતાં હતાં. એક પારઘી જંગલમાં શિકારે નીકળ્યો.

જંગલમાં પહેલો જ શિકાર એક હરણનો મળી ગયો. એક જ બાણે વીધાઈને હરણ મરણ પામ્યું.

પારઘી મરેલા હરણને કાંધે નાખી ઘરે જવા ઊપડ્યો રસ્તામાં એક ભૂંડ ભેટી ગયું ને પારઘીને એનો પણ શિકાર કરવાની લાલચ થઈ આવી.

હરણને હેઠું ઉતારી ધનુષ પર બાણ ચઢાવી ભૂંડ તરફ બાણ છોડ્યું. બાણ ભૂંડને વાગ્યું પણ ભૂંડ મર્યું નહિ. ભૂંડ પારઘીની સામે ઘસ્યું.ભૂંડે પોતાના દુતશૂળ પારઘીના પેટમાં ખોસી દીધા. પારઘીએ ભેટમાંથી છરો ખેંચી ભૂંડના પેટમાં ઘોચી દીધો.

થયું એવું કે એ સ્થળે એક સાપ રહેતો હતો. પારઘીને કરડવા એ લાગ તાકતો હતો. બરાબર એ જ વખતે સાપ પણ મરી ગયો. પેલો ભૂંડ પણ સખત ઘવાયો હતો એટલે એ જ વેળા મરણ પામ્યો.

હરણ તો મરેલો જ હતો.

આમ, એકસાથે ચાર મડદાં હેઠા પડ્યાં : એક પારઘીનું, બીજુ હરણનું, ત્રીજૂ ભુંડનું અને ચોથું મડદું સાપનું. એટલામાં એક શિયાળ ફરતું ફરતું આ જગ્યાએ આવી પડ્યું. શિયાળે મડદું જોયું વળી બીજા વધારાના મડદા જોયા.

શિયાળ હરખાઈને બોલ્યું : આજે હું સાચે જ

સારા શુકને નિકળ્યો છું. વગર મહેનતે મને કેટલો બધો ખોરાક મળી ગયો. આ સાપ મારે એક દિવસ ચાલશે, આ ભૂંડ મારે એક મહિનો ચાલશે, આ હરણ મારે બે મહિના ચાલશે. ખાતાં ખુટે નહિ એટલા બધા ધનનું હું માલિક બન્યું છું.

આટલું ધન તો સિંહ રાજા પાસે પણ નહિ હોય.

આટલું બોલી હરખાતું એ આજુબાજુ નજર કરવા લાગ્યું. ત્યાં તો એની નજર પારધીના ધનુષ્ય પર પડી.

શિયાળ લોભી બન્યું અને તે પહેલા આંતરડાની દોરી ખાવા માટે ગયું. એક બટકું ભરી એણે દોરી કાપી નાંખી. જેવી દોરી તૂટી કે તરત કામઠું સીધું થઈ ગયું. જેવું સીધું થયું તેવું તીરને જેમ શિયાળની છાતીમાં વાગ્યું. શિયાળ ઘાયલ થઈ ગયું અને છેલ્લે બોલયું- 'અરે રે મારું આટલું બધું ધન કોણ ખાશે ?'

શિયાળ પણ મરીને ત્યાં જ પડ્યું. એવામાં આકાશમાં એક કાગડો ઊડતો હતો તે ત્યાં આવ્યો. કાગડો આ બધા મડદાઓ જોઈ બોલ્યો આ શિયાળને ભલે ચિંતા હતી કે 'આ કોણ ખાશે ?' પણ હું મારી આખી નાત તેડાવીશ એ ખાવા તૈયાર છે. આમ, કાગડાએ એની નાત તેડાવી બધા કાગડાઓને ભેગા કર્યાં. બધા કાગડાઓએ દિવસો લગી આ મડદાંની મિજબાની માણ્યા કરી.

# વિજ્ઞાન પેટી વિનાનું વિજ્ઞાન શિક્ષણ

શ્રી આર. કે. પટેલ
ગણિત-વિજ્ઞાન એકમ
ડાયટ, સંતરામપુર

| ક્રમ | એકમનું નામ | ક્ષમતા ક્રમાંકો | જરૂરી શૈક્ષણિક સાધનો |
|---|---|---|---|
| ૧ | ચુંબક | ૧.૧.૬ થી ૧.૬.૭ | નકામી બ્લેડ, સીવવાની સોય, સાયકલનો આરો, ચુંબક (રેડીયાના સ્પીકરનો તૂટી ગયેલો ભાગ) |
| ૨ | ગતિ, બળ અને ઝડપ | ૬.૬.૧ | પૂઠાંમાંથી બનાવેલો ઘડિયાળનો ચંદો, માટીના રમકડા, ભમરડો, પથ્થર, દડો. |
| | | ૬.૬.૨ | લખોટી, પર્યાવરણની સ્થિર વસ્તુઓ તથા ગતિમાન વસ્તુઓ. |
| | | ૬.૬.૩ | ફુગ્ગા ટામેટુ, વપરાયેલી ટૂથપેસ્ટ, કાંસકો, કાગળના ટૂકડા |
| | | ૬.૬.૪ | પ્લાસ્ટિકની પટ્ટી, દડા, ખરબચડા પથ્થર, લાકડાનું પાટીયુ, |
| | | ૬.૬.૫ | રબર, નકામુ સાઈકલ કે સ્કુટરનું ટાયર. |
| ૩ | ઉષ્મા | ૮.૬.૧ | મીણ, બરફ, દીવો, ફુગ્ગો, શીશી, રંગીન પાણી, વીજળી બલ્બમાંથી બનાવેલ ચંબુ, કાચની ભૂગળી |
| ૪ | ઉષ્મા નિર્ગમન | ૮.૬.૫ થી ૮.૬.૭ | બરફ, ગરમ પાણી સળગતુ લાકડુ, લોખંડનો સળિયો કાપડના ટુકડા, કાગળની પટ્ટી, દીવો, નકામા બે ડબ્બાને સફેદ અને કાળો કલર, લાકડાનો ટુકડો લોખંડનો ટુકડો. |
| ૫ | પ્રકાશ | ૮.૬.૯ | ત્રણ પૂંઠા, મીણબત્તી, દિવાસળી, કાપડના પડદા, દીવો કે બેટરી દડા, નાના-મોટા પૂઠાનું ખોખૂ, મીણબત્તી કાગળ |
| ૬ | ઊર્જા | ૧૨.૬.૧ | વાંસની ચીપનું ધનુષ, દોરી ચાવીવાળુ રમકડું, કાચ, પથ્થર, કાગળ બેટરીનો વપરાયેલો સેલ, ફૂટેલા ફટકાડાનું રોકેટ, પ્લાસ્ટિકનું ગોળ ચક્ર, દોરી |
| ૭ | સૂર્યમંડળ | ૧૦.૬.૧ થી ૧૦.૬.૪ | લાકડાની ગરગડી, દોરી, નાના મોટા બે પથ્થર અરીસો, ટોર્ચ |

| | | | |
|---|---|---|---|
| ૮ | ક્ષેત્રફળનું માપન | ૧૩.૬.૧ થી ૧૩.૬.૪ | ચોક્કસ માપના પૂંઠા, કાતર પ્રેન્સિલ, રંગીન કાગળ, ગ્રાફ પેપર જુદા જુદા (અનિયમિત) આકારના પાન, કાગળના ટુકડા, ઈંટ, પૂઠાંમાંથી કાપેલા પગના પંજાનું કટીંગ |
| ૯ | આપણી આસપાસ | ૭.૬.૧ થી ૭.૬.૩ | કોરાકાગળ, લીંબુ, અગરબતી, દિવાસળી, સાબુદાણા, ઘસાઈ ગયેલ છરી કે બ્લેડ, ફુગ્ગા, ચૂનો, ખાંડ, ખાવાના સોડા, મીણબત્તી ખ્યાલો. |
| ૧૦ | પદાર્થોના સ્વરૂપ | ૨.૬.૪ | બરફ, પાણી, ફુગ્ગા, સળી, દોરી, ઈંટ, ખીલી, પથ્થર, મીણ, ચમચી, કાચનો ખ્યાલો, જુદા-જુદા આકારના વાસણો, રબરની ટ્યૂબ. |
| ૧૧ | તત્વ, મિશ્રણ અને સંયોજન | ૨.૬.૧ થી ૨.૬.૩ | રેતી, કાંકરા, કાંપ, કાગળ<br>દિવાસળી, લીંબુ, ખાંડ, ચોક |
| ૧૨ | ઘટકોને છૂટા પાડવા | ૨.૬.૬ | પૂઠાંની સૂપડી, ચાળણી, સુતરાઉ ઝીણું કાપડ, ધૂળ, રેતી, ડહોળુ પાણી, પ્યાલો, મીઠુ કેરોસીન, મધ, ગળણી, અનાજના ફોતરા |
| ૧૩ | પાણી | ૫.૬.૪ થી ૫.૬.૧૨ | પાણી, બરફ, મીણ, કાચનો ખ્યાલો, મીઠુ ખાંડ, રેતી, કોલસો, કાચનું પાત્ર માટલુ, રેતી, કાંકરા, ઘાંટલી કાંકરી કપચી |
| ૧૪ | હવા | ૫.૬.૧૩ થી ૧૦.૬.૧૭ | રકાબી, કાચનો ખ્યાલો, મીણબત્તી પાણી, બરફ, ચૂનો, ભૂંગળી શાહીની ટોટી, પિચકારી, કેરોસીનનો પંપ, સાઈકલની ટ્યૂબ હવા ભરવાનો પંપ. |
| ૧૫. | સજીવની એકમ કોષ | ૩.૬.૧ થી ૩.૬.૪ | બિલોરી કાચ, પાંદડા, વાળ બ્રેડનો ટુકડો, ડુંગળી |
| ૧૬ | વનસ્પતિના અંગો | ૪.૬.૧ થી ૪.૬.૫<br><br>૪.૬.૫ | - વનસ્પતિના મૂળ સાથેનો છોડ રાઈ, રકાબી, રૂ, જાસુંદની ડાળી<br>- જુદીજુદી વનસ્પતિના પાન, બિલોરીકાચ, વાસી રોટલી કે રોટલો.<br>- તુલસી, નીલગિરિ, આદુ, કુંવરપાઠુ, અરડૂસીના પાન. |
| ૧૭ | મૂળ, પ્રકાંડ, પર્ણના કાર્યો | ૪.૬.૬થી ૪.૬.૮ | મૂળ સાથેનો છોડ<br>ગાજર, શક્કરિયા, આદુ, વડની વડવાઈ, ફાફડાથોરનું પર્ણ, વેલો, કોબીજ બિલોરી કાચ. |
| ૧૮ | આપણુ શરીર-૧ | ૯.૬.૧ | હાડપિંજરની પ્રતિકૃતિ |
| ૧૯ | આપણુ શરીર-૨ | ૯.૬.૨ | પાચનતંત્ર અને શ્વસનતંત્રના જુદાજુદા ભાગો પૂંઠા અથવા થર્મોકોલમાંથી બનાવેલા અથવા મોડેલ. |
| ૨૦ | દુષિત પાણી અને ખોરાક | ૧૧.૬.૨ | દુષિત પાણી, જુદી-જુદી ફુગ લીલ, બિલોરી કાચ, પ્લાસ્ટિકની કોથળી, રોટલી અથવા ભાખરી, બ્રેડ. |
| ૨૧. | પોષક તત્ત્વોની ખામીથી થતા | ૧૧.૬.૧ | શાકભાજી, ફળો, કઠોળ અને અનાજના નમૂના |
| ૨૨ | જમીન | ૫.૬.૧ થી ૫.૬.૩ | બે પતરાના ખોખા, માટી, ઘાસ, કાણાવાળા ડબ્બા જમીનના જુદા-જુદા નમૂના |

# વિજ્ઞાન પેટી વિનાનું વિજ્ઞાન

| ક્રમ | એકમનું નામ | ક્ષમતા ક્રમાંકો | જરૂરી શૈક્ષણિક સાધનો |
|---|---|---|---|
| ૧ | બિલોરી કાચની ગમ્મત | ૧.૫.૧ થી ૧.૫.૨ | નકામો કાચનો ટુકડો (સ્લાઇડ), પાણી, ઉડી ગયેલો બલ્બ, દિવાસળીનું ખાલી ખોખું બ્લેડ વગેરે. |
| ૨ | જૂથ બનાવતાં શીખો | ૨.૫.૧ થી | વર્ગખંડની તમામ વસ્તુઓ, બંગડીના ટુકડા, પેન, પેન્સીલ વગેરે પત્થર, છીપલાં, કચૂકા, લખોટી, રબરના ટુકડા, ચોકલેટ દવાની ટીકડી, ખીલી, ઠીકરું, |
| ૩ | સજીવ, નિર્જીવ | ૩.૫.૧ | પર્યાવરણમાં વિવિધ સ્થળોની મુલાકાત ગોઠવવી. |
| ૪ | બીજ અને તેનું ઊગવું | ૪.૫.૧ થી ૪.૫.૩ | વિવિધ પ્રકારના અનાજના નમૂના, વાટકી, છાપાના ટુકડા, પ્યાલો, (કાચનો) લાકડાની પટ્ટી, દોરો, કાપડનો ટુકડો. |
| ૫ | જમીનને ઓળખીએ | ૫.૫.૧થી | જમીનના વિવિધ નમૂના કાચનો ખ્યાલો, પૂઠુ, પ્લાસ્ટીકની પારદર્શક થેલી |
| ૬ | આપણા જીવનમાં પાણી | ૫.૫.૪ ૫.૫.૫ | નકામું માટલુ<br>- મુલાકાત દ્વારા શીખવી શકાય. |
| ૭ | જીવ-જગતમાં | ૩.૫.૨ | ઈંકપેડ, (શાહી), કાગળ, બૉલપેન (પેન્સિલ) પૂઠાના ટુકડા |
| ૮ | ઊર્જા | ૧૨.૫.૧ થી ૧૨.૫.૨ | મુલાકાત દ્વારા સમજ આપી શકાય. |
| ૯ | કેટલા વાગ્યા | ૧૩.૫.૧થી ૧૩.૫.૩ | ઉડી ગયેલા બલ્બ, ફેવીકોલ, શીશી, કાચનો પ્યાલો, દોરીનો ટુકડો, રબરનો દડો (દડી) ઘડિયાળ. |
| ૧૦ | સુણજો રે ભાઈ સાદ | ૮.૫.૧ થી ૮.૫.૪ | ચમચી, થાળી, દિવાસળીનું ખોખુ, દોરી, પીપૂડી, પ્લાસ્ટીકની પટ્ટી. |
| ૧૧ | પ્રાણી જગત | ૯.૫.૧ ૯.૫.૨ | મુલાકાત દ્વારા (પ્રાણી સંગ્રહાલયની મુલાકાત) |
| ૧૨ | નરી આંખે દેખાતુ આકાશ | ૧૦.૫.૧ ૧૦.૫.૨ | બેટરી અને પૂઠુ |
| ૧૩ | ખોરાક અને આરોગ્ય | ૧૧.૫.૧ થી ૧૧.૫.૩ | નકામી કાચની શીશીઓ, શાહી પૂરવાની ટોટી |
| ૧૪ | લંબાઈનું માપન | ૧૩.૫.૧. થી ૧૩.૫.૩ | ફૂટપટ્ટી, પેન્સીલ, દિવાસળી લાકડાના ટુકડા |
| ૧૫ | આપણી આસપાસ થતા ફેરફારો | ૭.૫.૧ | - મુલાકાત દ્વારા<br>- દૂધ, કાગળ, દિવાસળી. |
| ૧૬ | હવા છે ? નથી ? નથી ? છે | ૫.૫.૬ ૫.૫.૭ | ડોલ, પ્યાલો, કાગળ, ફુગ્ગા, ટાંકણી, લાકડાની સળી, દોરો, પ્લાસ્ટીકની પાઈપ દવાખાનાનો ખાલી ગ્લુકોઝનો બોટલ. |

| | | | |
|---|---|---|---|
| ૧૭ | સજીવો આપણા દોસ્તો | ૩.૫.૩ | મુલાકાત દ્વારા શીખવી શકાય. |
| ૧૮ | પ્રકાશ | ૮.૫.૫ થી ૮.૫.૭ | દિવાસળીના ખોખાં, સાબુનું ખાલી ખોખુ, બેટરી, મીણબત્તી, કાચનો પારદર્શક ટુકડા. |
| ૧૯ | આપણાં કામ સરળ | ૬.૫.૧ થી ૬.૫.૪ | કાતર, સાંડસી, હથોળી, ચપ્પુ, સંચો, ધાતચુ, સ્ક્રૂ, ખીલી લાકડાનો ટુકડો. - મુલાકાત દ્વારા |
| ૨૦ | વિજ્ઞાન આપણા | ૧.૫.૩ થી | (ચાની કેટલી) |
| | સૌનું | ૧.૫.૪ | - નકામું ધાતુનું ડબલુ (પાનના ગલ્લામાંથી મળી શકે.) કુકરનુ ઉદા. |

## દાતાઓતો હજી છે, જરૂર છે ફક્ત સારા પ્રયત્નની

સાચી દિશામાં કરેલ પ્રયત્નનું ફળ અવશ્ય સાચું જ મળે છે. તે અનુસાર પંચમહાલ જિલ્લાની લુણાવાડા તાલુકાની વાઘજીબારીઆના મુવાડા પ્રા.શાળાના આચાર્યશ્રી એ કરેલ પ્રયત્ન અનુસાર સરકારશ્રી તરફથી ચાલતી મ.ભો. યોજના માં શાળામાં ભણતા વિદ્યાર્થીઓ થાળીમાં જમે સ્વચ્છતા જાળવી શકે, તેમજ બીજી શાળાઓને પ્રેરણા મળે તે હેતુસર એક કાર્યક્રમ યોજવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં મુખ્ય દાતા શ્રી જયદીપસિંહ ગંભીરસિંહ જાદવ રહેવાસી મોટા સોનેલા તા-લુણાવાડા. જે ઓએ શાળાના બાળકો માટે ૨૫૦ નંગ થાળી દાનમાં આપી હતી. સદર કાયક્રમમાં હાજર રહેલ ગ્રામજનોએ પ્રેરણા લઈ પોતાના તરફથી પણ શાળાને દાન આપવાનું વિચાર્યું. તેથી શ્રી ભુલાભાઈ હીરાભાઈ પટેલે થાળી નંગ-૫૦, શ્રી જેઠાભાઈ ધ્રુળાભાઈ પટેલે થાળીનંગ- ૧૧ શ્રી બાબુભાઈ પટેલે (મહેસાણાવાળાએ) એક મોટું તપેલું શાળાને તેજ દિવસે દાનમાં આપ્યું.

આ પ્રસંગને દિપાવવા મ.ભો. યોજના તા-લુણાવાડાના નાયબ મામલતદાર શ્રી પ્રભાતસિંહ કિશોરસિંહ જાદવ ઉપસ્થિતિ રહ્યા હતા. જેઓએ ગ્રામજનોને દાનનો મહિમા સમજાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ પ્રથમ શાળા છે કે જેને આ મ.ભો. યોજનામાં દાતાશ્રી તરફથી મોટામાં મોટું દાન મળેલ છે.

સદર દાન દાતાશ્રીઓ પાસેથી મામતલદાર સાહેબે મેળવી શાળાના આચાર્યશ્રી રમેશચંદ્ર ગણપતરામ પંડ્યાને અર્પણ કર્યું હતું. શાળાના આચાર્યશ્રી તેમજ સ્ટાફગણે દાતાઓનું સન્માન કરી આભાર માન્યો હતો.

## વંદન કરીએ....

વંદન કરીએ વિણા ધારી,
અરજ અમારી સાંભળોને
આશાઓને અમર કરવા,
શરણે તારે આવીએ...વંદન....
વિદ્યા કાજે મંદિર તારે,
નિત નિત દોડી આવીએ...વંદન...
ગુરૂજીને ચરણે રહીને,
આશિષ એમની માગીએ...વંદન....
આળસ ઉંઘને તજવા કાજે,
તારા ગુણલા ગાઈએ...વંદન....
નાના મોઢે મોટી વાતો,
અમે કદિ નવ કરીએ...વંદન....
જીવન સાચું જીવવા કાજે,
સાચા રસ્તે ચાલીએ...વંદન....
સાથે રમીએ સાથે જમીએ,
સાથે ભણતર ભણીએ...વંદન....
ગાંધીજીના સમતા પાઠો,
જીવન સાથે વણીએ...વંદન....
આજ અમે સૌ નાના છૈયા,
કાલે મોટા થઈએ...વંદન....
ભારત માની રક્ષા કરવા,
હરદમ સાવધ રહીએ...વંદન....
માત-પિતાને ગુરુજીના,
ઋુણ કદિનવ ભુલીએ...વંદન....

-: હેમુ :-

હેમુભાઈ કલજીભાઈ તાવિયાડ
આ.શિ. ઉપલા ફળિયા ચીચાણી પ્રા.શાળા
તા.સંતરામપુર જિ. પંચમહાલ.

# આજના શિક્ષણનું ધ્યેય શું ?.... એક ચિંતન

વિજયકુમાર આર. માછી
ભદ્રાલા પ્રા. શાળા, તા. શહેરા

આજના કાળમાં ભૌતિક જીવનને સર્વસ્વ માનીને યંત્રની જેમ દોડતો રહેલો માનવી ધ્યેયશૂન્ય, ગતિશૂન્ય અને વિચારશૂન્ય બનીને માત્ર રોટી, કપડા અને મકાનની જ ચિંતા કરતો રહેલો છે. Social Animal કહેવાતા આજના માનવી પાસે મોબાઈલ, મશીનરી અને મોનોપોલી હોવા છતાં, ફ્રીજ, ફ્લૅટ ને ફિયાટ હોવા છતાં કાયદા, વાયદાને ફાયદાના ફંદામાં પડીને વ્યસન, ફેશને ને ટેન્શનની જિંદગી ગુજારતો રહેલો માણસ સુખ, શાંતિ અને સમાધાન ઝંખે છે. પરંતુ વિશ્વમાં જોવા મળતી અનેક સમસ્યાઓ ગરીબી, અસ્પૃશ્યતા, કોમવાદ, જાતિવાદ, ધર્મવાદ, આતંકવાદ, ભોગવાદ, ભૌતિકવાદ, નિરીશ્વરવાદ વગેરેથી ત્રસ્ત બનીને સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજકીય, આધ્યાત્મિક અને નૈતિક જીવનમાં અધઃપતન થયો છે. ત્યારે સ્વાભાવિક રીતે જ આપણને પ્રશ્ન થાય કે આ પરિસ્થિતિ માટે જવાબદાર કોણ ? તરત જવાબ મળે કે માણસ. પરંતુ માણસને માણસ બનાવવાની જવાબદારી કોની ? તો જવાબ મળે શિક્ષણની. તેથી જ એક ચિંતન કરવાનું મન થાય છે કે આજના શિક્ષણનું ધ્યેય શું ? શિક્ષણ શા માટે ?

જે શિક્ષણ લીધા પછી વિદ્યાર્થી ચારિત્ર્યવાન અને નીતિવાન બને તે જ ખરું શિક્ષણ. શિક્ષણનું મુખ્ય ધ્યેય ચારિત્ર્ય ઘડતર કરી માણસમાં સાચું મનુષ્યત્વ ઊભું કરવાનું છે. પણ દુર્ભાગ્યની વાત એ છે કે આજના શિક્ષણમાં ક્યાંય ચારિત્ર્ય ઘડતરની વાત જોવા મળતી નથી. પરિણામે આજે માણસ, સમાજ અને સંસ્કૃતિ અધઃપતિત થયેલી છે. માણસ-માણસના સંબંધોમાં સ્વાર્થીપણું, કુટુંબમાંથી પ્રેમ અને આત્મીયતા ખલાસ થઈ છે. સમાજમાંથી સેવા અને ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધોમાંથી પ્રેમ અને આદર ખલાસ થયા છે. શિક્ષણમાંથી નીતિ અને પ્રમાણિકતા ખલાસ થઈ છે. વિજ્ઞાન અન ટેક્નોલોજીના એકમાત્ર લક્ષ્યનો પીછો કરતો આજનો માણસ અને સમાજ માનવીય મૂલ્યો, નૈતિક મૂલ્યોના અધઃપતનને કારણે આત્મહત્યા, લૂંટ, ચોરી, બળાત્કાર જેવી સમસ્યાઓનો ભોગ બનીને લાચાર જીવન જીવી રહ્યો છે. કારણ કે આખો સમાજ આજે વૈશ્યવૃત્તિનો થયો છે. પ્રત્યેક વાતનું મૂલ્યાંકન આજે અર્થ (પૈસા)માં જ કરવામાં આવે છે. વિદ્યામંદિરો ખીચોખીચ ભરેલા છે પણ કોઈ જગ્યાએ જ્ઞાનની ઉપાસના દેખાતી નથી. સરસ્વતી પૂજનનું પાટિયું બહાર લટકાવેલું હોય છે. પરંતુ અંદર બીજી જ પૂજા ચાલતી રહેલી છે. આજનો કાળ જ કંઈક એવો છે કે ઉપર જેવું લેબલ લગાડેલું હોય છે તેવો માલ અંદર હોતો નથી. “જે સ્ત્રી બજારમાં જઈને બેઠી તે ‘સ્ત્રી’ નહિ, જે વિદ્યા બજારમાં જઈને બેઠી તે ‘વિદ્યા’ નહિ આજે વિદ્યાનું મૂલ્ય પૈસામાં અંકાય છે. પછી ચારિત્ર્ય ઘડતરની તો વાત જ શી કરવી ?

આજના શિક્ષણમાં જીવનવિકાસનું ધ્યેય નથી. ફક્ત ડિગ્રી મેળવવાની વૃત્તિ છે. શિક્ષણના ધંધાકીય ધોરણને કારણે જે શિક્ષણ લીધા પછી વધુ પૈસા મળે તેવા શિક્ષણ માટે બધાને ડૉક્ટર કે ઍન્જિનિયર થવું છે. તેથી છોકરાની શક્તિનો ખ્યાલ કર્યા વગર તેને વિજ્ઞાન પ્રવાહમાં ધકેલી દેવામાં આવે છે. પરિણામે મેડીકલ કે ઍન્જિનિયરીંગમાં પ્રવેશ ન મળતાં, બીજા કોઈ ક્ષેત્રમાં નોકરી ન મળતાં છેવટે નછૂટકે શિક્ષક થાય છે. આવા શિક્ષક માટે સમાજમાં આદર ક્યાંથી નિર્માણ થાય ? પછી શિક્ષકને ‘પંતુજી’ કે ‘માસ્તર’ કહીને જ બોલાવવામાં આવે ને ? આજનું શિક્ષણ એ માત્ર bread oriented education (આજીવિકા લક્ષી શિક્ષણ) બન્યું છે. Life oriented education નહિ. જીવનલક્ષી શિક્ષણ બની શક્યું નથી. શિક્ષક અને વિદ્યાર્થી બંને અર્થપરાયમ બન્યા છે, જ્ઞાન પરાયણ નહિ.

આજનું શિક્ષણ એ આપણને શિક્ષા લાગે છે. કારણ કે શિક્ષણમાં ત્યાગ કે સેવાવૃત્તિની કલ્પના નથી. નૈતિક વાતાવરણ નથી. સ્વધર્મનો અભ્યાસ નથી.

તેનાથી નિઃસ્વાર્થભાવ કેળવાતો નથી. જીવંત જીવન જીવવાને બદલે માત્ર દહાડા કાઢવાની વૃત્તિ જ નિર્માણ થાય છે. આપણે મૂલ્યલક્ષી અને ગુણવત્તાલક્ષી શિક્ષણની વાત કરીએ છીએ પણ ગુણવત્તાનો માપદંડ કયો ? શું આજની પરીક્ષા પદ્ધતિ ? કોઈ વિદ્યાર્થી 'મા' ઉપર નિબંધ લખીને લખે કે 'હું મારી માને નિયમિત નમસ્કાર કરું છું.'' આવા સરસ લખાણના આપણે પૂરા ગુણ આપીએ છીએ અને તેને ગુણવત્તાયુક્ત બાળક કહીએ છીએ. પણ તે જ બાળક ઘરે જઈને તો તેની માને નમસ્કારની વાત તો ઠીક પણ ગાળો આપે છે. તો શું બાળકમાં ગુણવત્તા આવી કહેવાય ? પરીક્ષારૂપી ગુણવત્તામાં પાસ થયેલું બાળક જીવનલક્ષી ગુણવત્તામાં નાપાસ થાય છે. ત્યારે આપણી આ ગુણવત્તાની પરિકલ્પના પણ યોગ્ય લાગતી નથી.

શિક્ષણનો હેતુ માહિતી આપવાનો નથી પણ જીવનનો હેતુ આપવાનો છે. અર્વાચીન શિક્ષણ માહિતીના ભંડારો આપણી સામે છે. તે માહિતી જે વિદ્યાર્થી જેટલી વધારે યાદ રાખી શકે તે સફળ કહેવાય. એવી આપણી આજના શિક્ષણની કલ્પના છે. તેનાથી તો માત્ર વિદ્યાર્થીની ગોખણપટ્ટીની, સ્મરણનીજ કસોટી થાયછે. જ્ઞાન કે બુદ્ધિની કસોટી થતી નથી. અને આપણે ૩૫% પાસનું ધોરણ રાખ્યું છે તેનો અર્થ પણ એ થાય કે ૬૫% ભૂલો ચલાવીને પણ તેને સફળ જાહેર કરવાનો. આજનું શિક્ષણ માત્ર પેટ ભરવાની કળા શીખવે છે. પુષ્કળ પૈસા કમાવાની તાકાત આપે છે. પણ આ બધું મળ્યા પછી શું ? માણસ માણસ તરીકે જીવતા શીખ્યો છે ? કઈ સ્કૂલમાં તેને કૃતજ્ઞતાના પાઠ શીખવવામાં આવે છે ? કયા શિક્ષકે તેને સારા નાગરિક બનવાની પ્રેરણા આપી છે ? માત્ર સારા પૈસાદાર થવાની પ્રેરણા આપી છે. શું ફર્સ્ટ ક્લાસ એંજિનિયર કે ડૉક્ટર કોઈનો ફર્સ્ટ ક્લાસ પતિ કે ફર્સ્ટ કલાસ દીકરો બની શકે છે ? શું વિદ્યાર્થીનો ભગવાન પરનો વિશ્વાસ વધ્યો છે ? મન મજબૂત થયું છે ? પ્રતિકૂળતાઓ સામે અડગતાથી ઊભો રહી શકે છે ? માસ્તર તો ઘણા છે પણ 'ટીચર' કેટલા ? 'ટીચર' તો થોડા ઘણા મળે પણ 'ગુરૂ' કેટલા ? હું કોણ ? મારે ક્યાં જવાનું છે ? મારી શક્તિ કેટલી ? મારું ધ્યેય શું ? મારું કર્તૃત્વ શું ? આ બધાનો વિચાર કરતાં જે શિક્ષણ મળે તે જ ખરી વિદ્યા. જેનાથી માત્ર ભૌતિક જ નહિ પણ સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક, નૈતિક જીવનમાં વિકાસ સાધી શકાય તેનું નામ ભણતર. માત્ર પેટ ભરવા ભણવુ એ અસંસ્કારિતા છે. પણ આપણું દુર્ભાગ્ય છે કે આજના શિક્ષણમાં આ બધી જ વાતોનો નાશ થયેલો છે.

આ બધો જ વિચાર કરતાં તેના સમાધાન સ્વરૂપે આપણને આપણી સંસ્કૃતિની તપોવન શિક્ષણપ્રણાલી યાદ આવ્યા વગર રહેતી નથી, કે જેમાં માણસને ઊભો કરવાની તાકાત હતી, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં, મુશ્કેલીમાં પણ ઊભા રહીને જીવન વિકાસ કરવાની તાકાત હતી. તપોવન શિક્ષણપ્રણાલીમાં વિદ્યાર્થી ગુરૂ પરાયણ, ગુરૂ શિષ્યપરાયણ, ગુરૂ અને શિષ્ય બંને જ્ઞાન પરાયણ અને જ્ઞાન સેવાપરાયણ હતું. શિષ્યનું ઘડતર ગુરૂના આચરણના આધીન, શિષ્યની પરીક્ષા તેના આચરણમાં આવેલા ગુણાત્મક પરિણામને આધારે નક્કી થતી. આજે પણ ભારતીય પ્રાચીન ઋષિપ્રેરિત શિક્ષણપ્રણાલીમાં દુનિયાને આપવા જેવી શિક્ષણની વૈચારિકતા છે. પણ આપણે અન્યની શિક્ષણપ્રણાલીને અપનાવીને પરકીય વિદ્યાના પૂજક બન્યા છીએ. અંગ્રેજોએ આપણને માનસિક ગુલામ બનાવવા માટે ઈતિહાસને વિકૃત બનાવી, રામ અને કૃષ્ણને એક કાલ્પનિક પાત્રો બતાવીને આપણા શ્રદ્ધાકેન્દ્રોને બદલવાનું કામ કર્યુ છે. છતાં પણ આજ દિન સુધી આપણે આ ઉછીની લીધેલી શિક્ષણ પ્રણાલી ચલાવતા રહ્યા છીએ. રામે વિશ્વામિત્ર પાસે અને કૃષ્ણે સાંદિપની ઋષિ પાસે લીધેલા શિક્ષણની વાતોને ભૂલીને, રામ, કૃષ્ણ, નચિકેતા, ધ્રુવ, પ્રહલાદ, ભરત, એકલવ્ય અને મહાન ઋષિઓનો ચરિત્રોને વિદ્યાર્થીના રાહમાં મૂકવાને બદલે અંગ્રેજી શિક્ષણ અને આધુનિકતાના નાદમાં પડીને આપણે પોતે જ આપણી પરંપરાનો નાશ કરી રહ્યા છીએ તેનાથી મોટા દુર્ભાગ્યની વાત બીજી કઈ હોઈ શકે ? શિક્ષણ પ્રણાલીના એક ભાગ તરીકે આપણે સૌ એ આવું ચિંતન કરવું પડશે અને આવી કોઈક દૃષ્ટિ, શિક્ષણનું સાચુ ધ્યેય, સાચો હેતુ નજર સમક્ષ રાખીશું તો જ ગુણવત્તાલક્ષી શિક્ષણનો આપણો સંકલ્પ એક તાકાત બનીને બહાર આવી શકશે.

# "મારે થવું છે આઝાદ પતંગિયું"

પંડ્યા સચિનકુમાર. બી.
ડેમલી નવીવસાહત - ૧ પ્રા. શાળા.
શહેરા.

પુસ્તકોના ખડકલા નીચે ફસાઈ ગયુ એક પતંગિયુ
નોટબુકના થપ્પા નીચે દબાઈ ગયુ એક - પતંગિયુ..
લંચબોક્સનો ડબ્બો આપી લલચાવી
દીધુ એક પતંગિયાને
ખચોખચ ભરેલી રીક્ષામાં ગોઠવાઈ ગયું
એક પતંગિયું
પેન્સિલની તીક્ષ્ણ અણીથી વિંધાઈ
ગયું એક પંતગિયુ
અરે...ઢળતી સંધ્યાએ મને પુછ્યુ ક્યા
ગયુ એ પતંગિયું ?
દુઃખી સ્વરે મારે કહેવું પડ્યું ઈરેઝરના
એક લસરકાયે લુસી નાખ્યુ એ પતંગિયાને...

આ બાગમાં કોઈના પણ દબાણ વગર ઉડતા પતંગિયા કેટલા સુંદર લાગે છે ! તો પછી મને પણ એવું થાય છે કે મારા મમ્મી-પપ્પા આટલું બધુ દબાણ કેમ કરતા હશે. મારે ૯૦ % ઉપર લાવવાનો આગ્રહ જ કેમ ? કદાચ તેમના મનમાં એવું હશે કે હું મારી સોસાયટીમાં રહેતા અન્ય બાળકોથી પાછળ ના રહી જાઉ તેમ છતા મને એ સમજાતું નથી કે મમ્મી-પપ્પા મારી સાથે એવો વ્યવહાર કેમ કરે છે કે જાણે હું સ્પર્ધામાં ભાગ લેનાર ઘોડોના હોય કે જેને પ્રત્યેક સેકન્ડે આગળ જવા માટે થાબડતા ના હોય.

સાચુ કહુ તમને સવારના એલાર્મની ઘંટડી સાથે જાગવાનું મને જરા પણ ગમતુ નથી. સવારમાં મારે ઘડિયાળના કાંટા સાથે બ્રશ કરવાનું ન્હાવાનું અને તૈયાર થવાનું ક્યારેક તો દિપકકાકા રીક્ષા લઈને પાંચ મીનીટ વહેલા આવી જાય તો દૂધ સાથે બ્રેડનો નાસ્તો પણ કરવા નથી મળતો અને મમ્મી કહે છે કે બેટા સ્કુલમાં રિસેશમાં નાસ્તો કરી લે જે. ગયા વર્ષે તો રિક્ષામાં શાંતીથી બેસાતું હતુ. પણ આ વર્ષ જાણે દિપકાકાને શું થયું કે બીજા ચાર બાળકો નવા અમારી સાથે રીક્ષામાં લઈ જાય છે હવે શાંતિથી બેસાતુ પણ નથી. એક પગ બહાર લટકાવીને બેસવું પડે છે. રસ્તામાં મને એમ થાય છે ક્યારે સ્કુલ આવી જાય કારણ કે મારા પગ દુઃખી જાય છે.

અમારી સ્કુલના દરવાજામાં પેસતા જ લાઈનમાં થઈ જવું પડે જાણે મિલીટરી જવાનો ના હોય સહેજ પણ આજુ બાજુ થાય તો ટીચર લડે. મારી સ્કુલમાં તો એટલી બધી શિસ્ત છે કે રિસેશ સિવાય તો બહાર જવાય જ ના. ક્યારેક તો "મડેમ મે આઈ ગો ટુ બાથરૂમ પ્લીઝ" આમ કહેવા છતા રજા ના મળે કદાચ મેડમને શીખવવાનું રહી જતું હશે ! બપોરના ૧૨.૦૦ કલાકે સ્કુલ છુટ્યા પછી આ ગરમીમાં ટાઈ પહેરેલી હોવાના કારણે મને ગુગળામળ થાય છે. જાણે મને દોરીથી ફાંસીની સજા ના આપતા હોય.... દિપક કાકાની રીક્ષામાં ફરીથી આવતા આ ટ્રાફીકની સમસ્યા ઘણી જ હેરાન કરે છે. અને વાહનોના ધુમાડાથી તો મને ખાંસી થઈ જાય છે. મને એ નથી સમજાતુ કે હંમેશા ઘરે આવતા રીક્ષામાં મને ટ્યુશનનું હોમવર્કજ કેમ યાદ આવતું હશે !

સાંજે મારા ઘરની સામે છોકરાઓને ક્રિકેટ રમતા જોઈ મને પણ રમવા જવાનું થાય છે પણ મમ્મી લડે તેની બીક લાગે છે. તે કહે છે સારા છોકરાઓ રમત રમવામાં સમય વડેફતા નથી. જો હુ જીદ કરુ તો પપ્પાની બીક બતાવી લેશન. કરવા બેસાડી દે છે. રાત્રે આંખો ઉંઘના કારણે બંધ થઈ જતા હોવા છતા હોમવર્ક બાકી હોવાના કારણે ૧૧.૦૦ કલાક તો થઈ જ જાય છે.

પણ હા એક ખાનગી વાત કહુ ? હુ રોજ સ્વપ્નમાં સુંદર પતંગિયાની જેમ બાગમાં ઉડતો હોઉ છુ અને મને થાય છે કે મારા ઘરનુ સવારનું મુકેલુ એલાર્મ ક્યારેય ના વાગે.....

# નિર્મળ ગુજરાત-૨૦૦૭

પ્રયાસ : હરીશ દરજી
સી. આર. સી. કોં. ઓડીનેટર
તાલુકા શાળા, સંતરામપુર.

(શાળા પરિસરમાં ગ્રામસભા છે. નિર્મળ ગુજરાત- ૨૦૦૭ માટે સૌ ગ્રામજનો શાળાના મંચ ઉપર ભેગા થયા છે. શાળાના હેડમાસ્ટરશ્રી સૌને આવકાર આપે છે. સરપંચશ્રીઓ, સદસ્યશ્રીઓ, આગેવાનો અને મહીલાઓ, બહેનો આવતા જાય છે. વચ્ચે તૂટક સંવાદ અને ચણવણાટ અનુભવાય છે.)

શિક્ષકશ્રી :- આવો, સરપંચ સાહેબ, એ આવો સૌ મહેમાનો, બહેનો બહુ દિવસે આવ્યા.

સરપંચશ્રી :- હાસ્તો,મે તો ૧૫ મી ઓગસ્ટે ધ્વજ વંદન કાર્યક્રમમાં હાજરી આપી બસ એજ.

નાથાભાઈ :- હા સરપંચ સાહેબ, તમારે તો ઘણુ બધુ કામ ઘરનું અને પંચાયતનું.

રમણભાઈ :- આપણી પંચાયત તો સાત ગામની પંચાયત અને સરપંચ સાહેબ એક.

મણીબેન :- હવે તો પહેલા જેવુ સરપંચ સાહેબોને નથી, હવે તો કામ કરવુ જ પડે, સૌને સાથે રાખવા પડે, વિકાસના કામ કરવા પડે.

દ્રશ્ય : ૨

(શાળામાં પ્રાર્થના માટે વિદ્યાથીઓ ધોરણવાર-ક્રમવાર ગોઠવાતા નજરે પડે છે. પ્રાર્થના રાબેતા મુજબ વિદ્યાર્થીઓ કરે છે.)

ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરા,
ગુરૂ સાક્ષાત પર બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુદેવ નમઃ ॥

સરપંચ :- હા, હવે કરો વાત, આપણે.

(વિદ્યાર્થીઓ શાળાના વર્ગખંડમાં જવા લાગ્યા )

હા આપણુ ગામ આખા પંથકમાં મોટુ ગામ છે. અને સાત ગામની પંચાયતનું ગામ છે. પણ.....

આપણા ગામની અને ગ્રામ પંચાયતની નિર્મળ ગ્રામ પુરસ્કાર અભિલાષી ગામ તરીકે પસંદગી થઈ છે.

આખા ગામને સ્વચ્છ, ગદકી અને રોગચાળામાંથી હંમેશને માટે મુક્ત કરવાનું છે. એના હારૂ આપણે બધા ભેગા થયા છીએ.

એટલે આખા ગામના ભાઈ-બહેનો અને શાળાના બાળકો સાથે આપણે ભેગા થયા છીએ.

અને આપણે બધાએ આ કામ સાથે મળીને સમજીને, સ્વચ્છતા જાળવવા માટે બધુ કરી છુટવાનું છે.

એટલે મારી આપને બે હાથ જોડીને વિનંતી છે.

જાજરૂ ગયા બાદ અમે સાબુથી હાથ ધોવડાવીએ છીએ.

વાળ ઓળવા માટે કાચ-કાસંકો-કોપરેલ શાળામાં છે.દોરા-બટનની પણ વ્યવસ્થા છે.

શાળાની સફાઈ, જાજરૂ-બાથરૂમની સફાઈ, પાણીની ટાંકીની સફાઈ, ગામ સફાઈ, સામૂહીક શ્રમદાન વગેરે અમે દર અઠવાડીએ કરીએ છીએ. અને બાળ અદાલત અને બાળ સંસદ દર શનિવારે ૧૦-૪૫ કલાકે શાળામાં મળે છે.

અને સફાઈ અંગેના ગુનાઓની સુનાવણી થાય છે.

સરપંચ :- હા, મારા ભાઈ બહેનો તમે બધાયે નિર્મળગામ, સ્વચ્છ ગામ, શૌચાલય નિર્માણ ઉપયોગીતા અંગે જાણ્યુ.

આવુ તો બધુ હુ પણ નતો જાણતો.

શિક્ષિકાબેન :- આપણું ગામ આ પારિતોષિત જીતશે.

અમે શાળાના વિદ્યાર્થીઓ અને ગામની બહેનો પ્રતિજ્ઞા લઈએ છીએ. આ અમારી બાળહઠ અને સ્ત્રીહઠ છે. જરૂર સફળ થશે.

(પ્રતિજ્ઞાનું પઠન) અમે અમારા ગામને સ્વચ્છ અને નિર્મળ ગામ બનાવીનેજ જંપીશું (વિદ્યાર્થીઓ અને બહેનો સમુહમાં)

વિદ્યાર્થીઓ :- હા, ચાલો આપણે. આ સફાઈના મહાયજ્ઞમાં સૌને જોડીએ.

(સૂત્રોચાર)

- દીકરો-દિકરી એક સમાન.
- ઘરમાં જાજરૂ ઘરની આબરૂ.
- કન્યાદાનમાં દિકરીને જાજરૂ આપુ.
- ગામના નદી, તળાવ, વાવ, કુવાની આસપાસ ગંદકી નહી કરીએ.
- ખુલ્લામાં જાજરૂ - શૌચક્રિયા નહી કરીએ.
- સ્વચ્છ હે નિર્મલ ગામ હમારા, યહી હે સંકલ્પ હમારા. ● જય સ્વચ્છતા અભિયાન.
- જય જય ગરવી ગુજરાત.
- ભારત માતાકી જય.

## પ્રતિજ્ઞા

- ડૉ. અબ્દુલ કલામ

- હું મારું શિક્ષણ તથા મારું કાર્ય સમર્પણ ભાવનાથી કરીશ અને તેમાં નિપૂણ થઈશ.
- એવી ૧૦ વ્યક્તિ કે જેને વાંચતા-લખતા નથી આવડતુ તેને લખતાં-વાંચતા કરીશ.
- ૧૦ છોડ વાવીશ અને તેનું ખાતરીપૂર્વક જતન અને પોષણ કરીશ.
- ગામડા અને શહેરોમાં જઈને ઓછામાં ઓછા પાંચ વ્યક્તિને વ્યસન અને જુગાર મુક્ત કરીશ.
- ધર્મ- જાતિવાદ કે ભાષાના ક્યારેય ભેદભાવ નહિ કરું.
- મારા દેશબંધુઓના દુઃખ દર્દને દૂર કરવા સતત પ્રયત્નશીલ રહીશ.
- પ્રામાણિક રહીશ અને સમાજના નિર્માણ માટે આદર્શરૂપ બનીશ.
- આદર્શ નાગરિક બનવા માટે પરિશ્રમ કરીશ અને મારા પરિવારને સદાચારી બનાવીશ.
- જે લોકો માનસિક કે શારીરિક ક્ષતિગ્રસ્ત છે તેમની પ્રત્યે હમદર્દી રાખીશ અને તેમની સેવા કરીશ.
- ગૌરવ પૂર્વક મારા દેશ અને દેશના લોકોની સફળતાને આનંદથી માણીશ.

(અક્ષરધામ-ગાંધીનગર ખાતે
બાલોત્સવના કાર્યક્રમમાં)
(તાઃ ૦૮ ફેબ્રુઆરી ૨૦૦૪)

## હું રોજ નિશાળે જાવાનો,

ભણીગણીને હોંશિયાર થાવાનો....
હવે ઘરે રહેવું મને ગમતું નથી.
મમ્મી પપ્પાને હેરાન કરવા નથી.
ડંકો વાગે કે દોડીને જાવાનો...
પ્રાર્થના સભામાં દરરોજ બેસવાનો,
ધુન-ભજન-બાલગીત ગાવાનો,
સુવિચાર-વાંચન કરવાનો...
ખૂબ ધ્યાન દઈ ગણિત શીખવાનો,
ભાષા-પર્યાવરણ હું ભણવાનો,
સોંપેલું સ્વાધ્યાય દરરોજ કરવાનો...
મને શાળા સિવાય ક્યાંય ગમતું નથી,
પેલી રખડું ટોળી સાથે રમવું નથી,
ભણી-ગણીને પહેલો નંબર લેવાનો.

કે.ડી. પટેલ
લેક્ચરર ડાયટ, સંતરામપુર.

## સમય ''મિત્ર'' તરીકે

''ભૂતકાળ અને ભવિષ્યનો સમય કીમતી ન હતો, કે નહીં હોય, કીમતી સમય તો તે જ છે જે તમારા હાથમાં છે.''

''સમય''ને શત્રુ સમજનારને એ ભાન નથી કે પોતે સમયનું ખૂબ કરી રહ્યો છે. કલાકો ગપ્પામાં ગાળવા, નિંદા કરવી, ફિલ્મો જોવી, મજા નથી, અન્યની ઠઠ્ઠા-મશ્કરી કરવી એ સમયનો દૂરઉપયોગ છે.

સમયને મિત્ર બનાવવા યુવાનો અભ્યાસ મગ્ન રહેવું. અને વડીલો તથા જ્ઞાનીઓ સાથે વિચાર-વિમર્શ કરવો. અભણ વ્યક્તિએ દુઃખો સિવાય જીવનના અનુભવો કહેવા. પોતે લોકહિત માટે શું કરી શકે તે અંગે વિચાર કરી યોગ્ય અમલ કરવો.

સમયનો થોડો ભાગ પુનઃ સ્વાસ્થ્ય અને સ્ફૂર્તિ પ્રાપ્ત કરવા બાળકો સાથે રમતો, ગમ્મત, વાર્તા, નદી, મંદિર, ખેતરની મુલાકાત, બાગ-બગીચે ફરવું, ફૂલછોડ ઉછેરવા અને મનોરંજન મેળવવું. જેવી વિવિધ પ્રવૃત્તિથી થઈ શકે. જીવનમાં પોતાના માટે અને સમાજ તથા દેશ માટે પણ થોડો સમય ફાળવવો. સહકારની ભાવનાથી સમાજસેવા અને દેશ સેવાના કાર્યોમાં જોડાઈને બીજાને માટે પ્રેરણારૂપ બનવું.

''ટાઈમ જ ક્યાં છે ? એવું બોલનારા સમયા આયોજનની અણઆવડત બતાવે છે. અથવા પોતાને ટાઈમ હોય છે. પણ, બીજાઓ માટે ટાઈમ હોતો નથી.

# શિક્ષક અને વાલી આટલું સમજે તો

૧) શાળા માંથી સોંપાયેલું ગૃહકાર્ય બાળક પાસે કાળજીપૂર્વક અને ફરજિયાત કરાવવું.

૨) ગૃહકાર્ય કરાવતી વખતે બાળક સાથેનું તમારું વર્તન દમદાટી ભરેલું નહીં પણ હેત, કોમળતા અને સહાનુંભૂતિ ભર્યું રાખવું.

(૩) ગૃહકાર્ય બાદ સમય હોય તો કંઠસ્થ પુનરાવર્તન કરાવવું.

(૪) આપના બાળકની બુદ્ધિનું સ્તર ચકાસી વાસ્તવિકતાનો સ્વીકાર કરી લેવો, અને તે મુજબ તેની પાસેથી અપેક્ષા રાખવી. વધુ પડતી અપેક્ષાથી આપને અને બાળકને બંનેને નુકશાન થાય છે.

(૫) બાળક ક્યો વિષય સહેલાઈથી શીખી શકે છે, અને કયા વિષયમાં તે નબળું છે. તેની જાણ આપણને હોવી જોઈએ. નબળા વિષયમાં તેનો રસ વધે તે માટેના પ્રયત્નો કરવા.

(૬) બાળકોને ભણવામાં રસ ન હોય તો શિક્ષકને રૂબરૂ મળી તેના કારણો શોધતા વિવિધ નિષ્ણાતોને મળી તેનો ઉકેલ મેળવવો.

(૭) શાળામાં શિક્ષક પ્રત્યે આદર વધે એવી વાતો બાળકને કરો. શિક્ષક સારું નથી ભણાવતા એવી વાત બાળકના મનમાં ઠસી જશે તો એ વિષયમાં એ નબળું રહી જશે.

(૮) ઘરમાં તથા ઘરની બહાર આપનું વર્તન એવું જોઈએ જેથી બાળકને અભ્યાસની અને સંસ્કારની પ્રેરણા તેમાંથી મળતી રહે.

(૯) ઘરનું વાતાવરણ એવું રાખવું કે જેથી બાળકને અભ્યાસમાં રૂચિ થાય. તમારા મોજશોખ ખાતર બાળકના ભણવાના સમયે ટી.વી., રેડિયો, ટેપરેકોર્ડર ન વગાડતા બંધ રાખવું

(૧૦) બંને ત્યાં સુધી ટ્યુશનના પ્રલોભનથી બાળકને દૂર રાખો શાળાનું શિક્ષણ બાળકનો પુરુષાર્થ અને આપની સંભાળ આ ત્રણ બાબતો બાળકના અભ્યાસ માટે પૂરતાં જ છે.

Book Post

To,

(માસિક)

રવાનગી કારકુનઃ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર. જિ. પંચમહાલ.
ફોન અને ફેક્સ નં. (૦૨૬૭૫) ૨૨૦૦૫૮, ૨૨૦૦૬૨